
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol - 6 Issue - 3
JULY - 2006

જુલાઈ– ૨૦૦૬
આત્મ સંવત : ૧૧૧
વીર સંવત : ૨૫૩૨
વિક્રમ સંવત : ૨૦૬૨
પુસ્તક : 103

दरिद्रस्य परा लक्ष्मीः श्रीमतो बलमद्भुतम ।
रक्षितव्यः सदैवासो स्वसर्वस्वव्ययादपि ॥

સદાચરણ દરિદ્રની મહાન લક્ષ્મી છે અને શ્રીમંતનું
અદ્ભૂત બળ છે, પોતાના સર્વસ્વના ભોગે પણ
એને સદા સુરક્ષિત રાખવું જોઈએ.

It (good conduct) is the best wealth to the
poor and wonderful power to the rich.
it ought to be always preserved by a person
even at the sacrifice of all his belongings.

(કલ્યાણભારતી ચેપ્ટર - ૧, ગાથા : ૯, પૃષ્ઠ - ૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આટલું જ કરો : જીવન ધન્ય બની જશે.

: પં. ચંદ્રશેખરવિજયજી મ.સા.

સૌથી મહત્ત્વનું જો કોઈ સૌંદર્ય હોય તો તે સ્વભાવનું સૌંદર્ય છે. રૂપ સુંદર હોય; ઘર સુંદર હોય; ખાદ્ય પદાર્થ સુંદર હોય પણ તે બધાંય શાં કામના ? જો 'સ્વભાવ' જ સાવ પિત્તળ હોય તો ?

સ્વભાવને સુંદર બનાવવાનું કામ અતિ કઠણ છે. પણ છતાંય સંકલ્પબળથી તેય શક્ય છે.

સ્વભાવ સુધારવા માટે હું જે તરકીબ અપનાવવા માટે કોશિષ કરૂં છું. તે તમને જણાવું.

પહેલી વાત તો ખૂબ સહન કરવાની છે. હા, કોઈ કાંઈ પણ કરે તો તે બધું આપણા માથે સહવાનું આવતું હોય તો આપણે તે બરોબર સહવાનું.

બીજી વાત સાવ મૂંગા રહેવાનું. બને ત્યાં સુધી બોલવાનું જ નહિ. દરેક વાતની તડફડ કરી નાખવાની ભયંકર કુટેવ દૂર કરવાની. ગમે તે વાત હોયઃ બને ત્યાં સુધી તો મૂંગા જ રહેવાનું. બોલવાના લાભ કરતાં મૂંગા રહેવાના લાભ પુષ્કળ છે, અંગ્રેજીમાં કહેવત છે કે, "બોલવું એ જો ચાંદી છે; તો મૂંગા રહેવું તે સોનું છે."

હવે સૌથી મહત્ત્વની છેલ્લી વાત.

મૂંગા રહીએ, સહન કરવા સાથે મનમાં સમતાં સમતા ધારણ કરવી.

આ કામ સૌથી વધુ કઠણ છે; પરંતુ આ માટે બે કામ કરવા.

પોતાના દોષો જોવા; બીજાના ગુણ જોવા.

ખરેખર આપણામાં સેંકડો દોષો પડેલા છે. તે પણ પાછા ઉગ્ર કક્ષાના છે. જો આ દોષોને મેરુ જેટલા બનાવીને જોવાય તો બીજાના દોષો પોતાના દોષોની સામે કોઈ વિસાતમાં નહિ લાગે. વળી બીજાના નાનકડા ય ગુણો મેરુ જેવડા લાગશે.

જો આ સ્વદોશદર્શન અને પરગુણદર્શન શરૂ થઈ જાય તો સમતા આપણને સ્વભાવસિદ્ધ થઈ જાય. આમ થવાથી પારકાના દોષો જોવાથી સ્વભાવમાં જે ઉગ્રતા આવે; ક્રોધી સ્વભાવી બને; લોકો આપણાથી દૂર ભાગે; વગેરે તમામ મુસીબતોથી પાર ઉતરી જવાય.

આ રીતે સ્વભાવ જો સુંદર બની જાય તો તે માણસ સહુને વહાલો તો થાય જ પણ એને પોતાને પણ જીવન જીવવાની ખૂબ મજા આવશે. તેનું જીવન ધન્ય બની જશે. (મુક્તિદૂત માસીકમાંથી સાભાર)

## મધુરવાણીના મીઠા ફળ

અસભ્ય આચરણ સાથે જીવનમાં સફળ થવું મુશ્કેલ છે. અસભ્ય વ્યક્તિ માટે ઉન્નતિનો દરવાજો કઠણ સાધના પછી ઉઘડે છે, જ્યારે શિષ્ટ અને મૃદુવાણી બોલનાર વ્યક્તિ પોતાના સ્વભાવના માધુર્ય-માત્રથી પોતાનો રસ્તો મેળવી લે છે. મધુરવાણી ઉચ્ચારનારને સહુ કોઈ ચાહે છે, સહુ કોઈ તેનો આદર કરે છે.

For Private And Personal Use Only

ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**: સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) જસવંતરાય સી. ગાંધી પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત ઉપપ્રમુખ
(૩) ભાસ્કરરાય વી. વકીલ ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા માનદ્‌મંત્રી
(૫) મનીષકુમાર આર. મહેતા માનદ્‌મંત્રી
(૬) મનહરલાલ વી. ભંભા માનદ્‌મંત્રી
(૭) હસમુખલાલ જયંતીલાલ શાહ ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**: શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૩૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૧૦૦૦=૦૦
અડધુ પેઈજ રૂા. ૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૨૫૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજુ ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : જસવંતરાય સી. ગાંધી

## અનુક્રમણિકા

(૧) વિષય વાસના ત્યાગો ચેતન ! સાચે મારગે લાગો
પંન્યાસ ભુવનસુંદરવિજય મ. ૨
(૨) જૈન ધર્મ એટલે ત્યાગ ધર્મ
સંકલન : આર.ટી. શાહ - વડોદરા ૫
(૩) શીલવંતી શીવારાણી
: મુનિશ્રી પ્રેમપ્રભસાગરજી મ. ૭
(૪) પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો
: પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. ૮
(૫) શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગરની ૧૧૧માં સ્થાપના દિનની ઉજવણી અહેવાલ ૧૧
(૬) ચાતુર્માસ પ્રવેશ ૧૨
(૭) બ્રેક વગરની કાર ચલાવવી જોખમી છે
પ્રેરણાપત્ર ૧૪
(૮) સમાચાર સૌરભ ૧૫
(૯) તીર્થસ્થાનનું મહાત્મય
સંકલન : મુકેશ સરવૈયા ૧૮
(૧૦) મમતાના પડદા પાછળ !
: આ.શ્રીમદ્‌ કિર્તીયશસૂરિજી મ. ૧૯
(૧૧) જૈન ધર્મ જગતને ઉચ્ચતર જીવન જીવવાનો માર્ગ દર્શાવ્યો છે. ૨૧
(૧૨) અમૃતથી ય મીઠું મોત !
લે. લક્ષ્મીચંદ છ. સંઘવી ૨૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિષય વાસના ત્યાગો ચેતન ! સાચે મારગે લાગો

લેખક : પ્રાતઃસ્મરણીય જૈનાચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુ - જયઘોષસૂરીશ્વર આજ્ઞાનુકારી પંન્યાસ ભુવનસુંદરવિજય મ.

<u>સંપાદકીય નોંધ :-</u> શ્રી મહાનિશીથ નામના પ્રાયશ્ચિત વિષયક આગમ શાસ્ત્રમાં વિષયવાસના (કામ-સેકસ)ને આશ્રયીને ૬ પ્રકારની વ્યક્તિઓ (સ્ત્રી - પુરૂષ)ની વાત લખી છે. તે વિષયમાં આ લેખ ઘણી જ મહેનત કરીને તૈયાર કર્યો છે. ''એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે'' બ્રહ્મચર્યવ્રત એ જગતમાં દીપક સમાન વ્રત છે.'' આમ વિચારી ભવ્ય - વિવેકીજીવો દ્રઢ બની વિષયભોગનો ત્યાગ કરી આત્મોન્નતિ સાધે એવી શુભાભિલાષા છે.

આરાધક મુમુક્ષુ આત્માઓ આ લેખને વારંવાર વાંચે - વિચારે અને બ્રહ્મચર્યનો મહાન સદ્ગુણ સાધે એવી અભ્યર્થના.

ભગવાનશ્રી મહાવીર સ્વામીના સ્વહસ્તે દીક્ષિત થયેલા ૧૪ પૂર્વધર, અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મદાસ ગણી મહારાજ, શ્રી ઉપદેશમાળા નામના શાસ્ત્રમાં કહે છે કે :-

सव्वग्गहाणं पभवो, महागहो सव्व दोस पायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणाभिभूयं जगं सव्वं ॥
गाथा - २१० ॥

**અર્થ** :- સર્વગ્રહોની પીડાનું ઉદ્‌ભવ સ્થાન, અનેક દોષો વારંવાર કરાવનાર, જો કોઈ હોય તો તે દુરાત્મા કામ નામનો ગ્રહ છે. જેણે પોતાના વિકરાળ પંજામાં સમસ્ત વિશ્વને જકડી લીધું છે.

આ ખતરનાક કામના વિષયમાં આગળ કહ્યું છે કે :-

जह कच्छुल्लो कच्छुं, कंडुयमाणो दुहं मुणेइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, कामदुंह सुहं बिंति ॥ गाथा-२१२॥

**અર્થ** :- જેવી રીતે ખણજનો રોગી ખણજ ખણે, તે ખણવાનું દુઃખમય હોવા છતાં તેનુ સુખમય લાગે છે. તેવી રીતે મોહમાંઅંધ (કામાતુર) જીવોને કામ દુઃખમય હોવા છતાં સુખમય લાગે છે.

જેમ કૂતરો હાડકુ ચાવે તેમાં તેને રસ-સ્વાદ આવે છે. તે સ્વાદ હાડકાનો નથી હોતો પરંતુ પોતાનું તાળવું છોલાય છે, અને તેમાંથી લોહી ઝરે છે તેનો હોય છે. પણ તેમાં કુતરાને કેવળ કલેશ-પીડા જ થાય છે. તેમ કામની ક્રીડા પણ આવી જ પીડામય હોય છે.

અનાદિ કાળથી આ જીવ સંસારમાં ભટકતો હોય અને ભયંકર ઘોર દુઃખ પામતો હોય, પામી રહ્યો હોય કે પામશે તે આ કામ (મૈથુન-સેકસ)ની પરાધીનતાના કારણે.

યોગીશ્વરશ્રી ચિદાનંદજી મહારાજ સજઝાયમાં લખે છે કે :-

''એક એક કે કારણ ચેતન ! બહોત બહોત દુઃખ પાવે, દેખો પ્રગટ પણે જગદીશ્વર, ઈણવિધ ભાવ લખાવે, હો ! વિષયવાસના ત્યાગો ચેતન ! સાચે મારગે લાગો...''

**અર્થ** :- એક એક ઈન્દ્રિયના વિષયના કારણે જીવો અપાર અપાર દુઃખ પામે છે, નરકાદિ દુર્ગતિમાં રિબાય છે.

આ રિબામણનું કારણ શું ? વિષયભોગમાં સુખ માણવા ગયા તે. હજારો - લાખો માછલા રોજ જીવતા શેકાય છે - તળાય છે.. કેમ ? હજારો -



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાખો મરઘા રોજ જીવતા કપાય છે, કેમ ? અનેક બકરા - ભૂંડ આદિ જીવોની રોજ જીવતા ચામડી ઊતરે છે, કેમ ?

ઉત્તર : આ બધી પશુસૃષ્ટિ પ્રાયઃ એક દિવસ આપણા જેવી મનુષ્ય હતી. પણ વિષયભોગના સુખ માણવા ગયા ને તેથી ચીકણા પાપકર્મો બાંધ્યા, અને તેથી આ ફસામણ - વિટંબણા - દુઃખ - યતના - પીડા આવી.

પૂ.ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મ. 'શાંત સુધારસ' શાસ્ત્રમાં લખે છે કે :-

करि-झष-मधुपा रे, शलभ-मृगाध्यो,विषय विनोद-रसेन ।
हन्त ! लभन्ते रे, विविधा वेदना, बत परिणतिविरसेन ॥

અર્થ : હાથી સ્પર્શેન્દ્રિયના મોહમાં, માછલી રસનેન્દ્રિયના ખાવાના લોભમાં, ભમરો ઘ્રાણેન્દ્રિયના વિષયમાં, પતંગિયું ચક્ષુરિન્દ્રિયના રૂપમાં આસક્ત બની અને હરણ કર્ણેન્દ્રિયના વિષયમાં - સંગીતમાં મસ્ત બની, ઈન્દ્રિય જન્ય ભોગ-સુખનો રસ માણવામાં અનેક પ્રકારની વિટંબણા-દુઃખ પામે છે, અને દુઃખ પામવા છતાં ફરી ફરી તેવા જ દુઃખમાં જાય છે. કારણ કે તે જીવોના લાલસાના - આસક્તિના પરિણામો તેવા ખરાબ હોય છે.

શ્રી પ્રશમરતિશાસ્ત્રમાં ૧૦ પૂર્વધર પૂજ્ય ઉમાસ્વાતિ મ.લખે છે કે :-

अपि पश्यतां समक्षं विषय परिणामनियतं पदे पदे मरणम् ।
येषां विषयेषु रतिर्भवति न तान्मानुषान् गणयेत् ॥ १०९ ॥

અર્થ : નજરની સામે વિષયોની અનિત્યતા દેખાય છે કે રોજના લાખો કરોડો જીવો ડગલે ને પગલે કમોતે મરતા જોવાય છે એટલે જેને વિષયોમાં આસક્તિ છે, જેને ઝેર જેવા વિષયો મીઠા લાગે છે, તેને અમે માનવ કહેતા નથી. (તે શિંગડા પૂંછડા વગરના અજ્ઞાન પશુ જ છે)

નાના બાળકોના મોંઢામાંથી પીપરમેન્ટ રસ્તા ઉપર પડી હતી. તેને ખાવા કીડી-મકોડા આદિ સેંકડો જીવો આવ્યા. થોડીવારમાં ત્યાંથી કાર પસાર થઈ, બધા જીવો મરી ગયા. હવે ફરી બીજા કીડી-મકોડા ત્યાં આવશે અને તે પણ કાર નીચે કચડાઈને મરશે. ફરીફરી કીડી - મકોડા આવશે અને કરુણમોતે મરશે.

જેમ આ પશુ છે. અજ્ઞાન છે. નાદાન છે. મરે છે પણ સમજતા નથી. તેમ મનુષ્ય પણ સ્પર્શેન્દ્રિય (મૈથુન - સેક્સ) ના મોહમાં - વિષયમાં પાગલ બની, અનેક વિટંબણા-દુખ-અપમાન-રોગ-પીડા આદિ પામીને એઈડ્ઝ જેવા ભયંકર રોગોથી રિબાઈ રિબાઈને મરણ પામે છે. શ્રી ઉમાસ્વાતિ મ.-૧૦ પૂર્વધર કહે છે કે - 'આવા ના સમજ મનુષ્યને અમે મનુષ્ય કહેતા નથી પણ પશુ જ કહીએ છીએ' "न तान् मानुषान् गणयेत"

આ ઈન્દ્રિયના વિષયોના બે દુર્ગુણ છે. (૧) તે વિવેકનો નાશ કરી નાંખે છે. એટલે કે ઈન્દ્રિયના વિષયમાં પરાધિન થયેલો જીવ સાર-અસાર શું ? ખરાબ શું ? આ બધું જ ભાનભૂલી જાય છે. અને (૨) આ ઈન્દ્રિયના વિષયો સુખ-શાંતિ-સમાધિ - ચેનનો નાશ કરનાર છે.

માટે મનુષ્યે ઈન્દ્રિયના વિષયોથી ખાસ બચવું જોઈએ. તેમાં પણ સૌથી ખતરનાક વિષય જો કોઈ હોય તો તે કામ-ભોગ (મૈથુન) છે. પુરૂષને સ્ત્રીનો ભોગ અને સ્ત્રીને પુરૂષનો ભોગ એ જ અનંત સંસારનું કારણ છે કહ્યું છે કે :-

અગ્નિ જો તૃપ્તે ઈંધને, નદીએ જલધિ પુરાય મેરે લાલ !

તો વિષયસુખ ભોગથી, જીવ આ તૃપ્તો થાય મેરે લાલ !

ચતુર સ્નેહી સાંભળો"

અર્થ :- હજારો વર્ષથી નદીઓ વહેતી વહેતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદ્રમાં મળે છે. શું સમુદ્ર ભરાઈ ગયો ? અગ્નિમાં લાકડા નાંખતા રહો અને અગ્નિ શાંત થઈ જાય તે શું બનવાનું છે ? ના. તેમ આ જીવ ગમે તેટલા ભોગ ભોગવે છતાં તેની લાલસા - વાસના શાંત થતી નથી.

ગીતામાં લખ્યું છે કે :-

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।

हविषा कृष्णवर्त्मैव, भूयसाभिवर्धते ॥

**અર્થ** : કામના ઉપભોગથી કામ ક્યારેય શાંત થતો નથી. અગ્નિમાં લાકડા નાંખવાથી તો અગ્નિ વિશેષ પ્રજ્વલીત થાય છે.

વાસ્તવમાં એવો કોઈ વિષય જ નથી કે જેને ભોગવતા રહેવાથી નિત્યની ભૂખાળવી ઈન્દ્રિયો તૃપ્ત થાય. કારણ કે ઈન્દ્રિયોને રોજ સતત નવા નવા ભોગોની ભૂખ હોય છે. કહ્યું છે કે :-

न हि सोडस्तीन्द्रियविषयो येनाभ्यस्तेन नित्यतृषितानि ।

तृप्तिं प्राप्नुयुरक्षाण्यनेकमार्गप्रलीनानि ॥ गाथा - ४८ ॥

(१० पूर्वधरश्री उमास्वाति म. - प्रशमरति शास्त्र)

વિષયોના ઉપભોગથી જે તાત્કાલિક તૃપ્તિ અનુભવાય છે, તે પણ ઉપભોગની ઈચ્છા હતી તેનો નાશ થયો તેથી, તે નાશ તૃપ્તિ રૂપે સંતોષરૂપે અનુભવાય છે. અર્થાત્ આ એક ભ્રમ હતો જેમ કુતરાને હાડકું ચાવતા થાય છે તેમ. અને થોડા સમય પછી ફરી પાછી વિષયોપભોગની પ્રબળ ઈચ્છા ઊભી થાય છે. જેનો ક્યારેય અંત નથી આવતો.

આ ઈન્દ્રિયો એટલી ખતરનાક છે કે કરેલા તપ-જપ બધાનો નાશ કરનારી છે. ચિદાનંદજી મ. કહે છે કે :-

તપ જપ કિરિયા દાનાદિક સહુ, ગિનતી એક ન આવે, ઈન્દ્રિય સુખમેં જબ લગે યહ મન, વક્ર તુરંગ જિમ ધાવે.

**અર્થ** :- તપ, જપ, ધાર્મિક વિધિ-વિધાન, દાન કરવું આદિ બધી આરાધનાનું મૂલ્ય કાંઈ નથી. જો ઈન્દ્રિયના સુખમાં આ મન ગાંડા ઘોડાની જેમ દોડે છે તો આ બધું વ્યર્થ - નિષ્ફળ જવાનું અને આત્મા દુર્ગતિમાં પટકાઈ પડશે.

માટે જ શાસ્ત્રકાર જ્ઞાની ગુરૂઓએ એક ઉપાય બતાવ્યો છે કે : ''भव तृप्ती अंतर आत्मना'',

ઈન્દ્રિયોના પાપોથી બગડેલા હે જીવ ! તું તારા અંતર આત્માથી તૃપ્ત બન. તો જ સુખી રહી શકીશ. અન્યથા આ ભોગ વિલાસ તને ખાઈ જશે. માટે હે જીવ ! બહુ થયું. તે ખૂબ ભોગ વિલાસ કર્યા હવે સાવધાન બન.

વધુ આવતા અંકે...

મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

| રોહિતભાઈ | પરેશભાઈ | સુનીલભાઈ |
|---|---|---|
| ઘર : ૨૨૦૧૪૭૦ | ઘર : ૨૫૧૬૬૩૯ | ઘર : ૨૨૦૦૪૨૬ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "જૈન ધર્મ એટલે જ ત્યાગ ધર્મ"

સંકલન : શ્રી આર.ટી. શાહ - વડોદરા.

જૈન ધર્મમાં જેટલી ત્યાગની મહત્તા છે એટલી મહત્તા કોઈપણ ધર્મમાં જોવા નહિં મળે. જૈન ધર્મને વિશ્વના બધા જ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ કહી શકાય તેવો ધર્મ છે, તેનું કારણ તેમાં રહેલ તત્ત્વજ્ઞાન જ નહિં પરંતુ સર્વોચ્ચ પ્રકારનો ત્યાગ સમાયેલ છે.

જૈન સાધુ એ ત્યાગની મૂર્તિ છે. પોતાનું સર્વસ્વ છોડીને, જૈન સાધુ વિરતીને પંથે વિચરે છે, ત્યારે પોતાના ભૌતિક સુખોનો ત્યાગ કરીને એટલે કે પોતાના ધન, દૌલત, વૈભવ તેમજ પોતાના વ્હાલસોયા માતા, પિતા, પત્ની, પુત્રો વિગેરે સ્વજનોને છોડીને સંસારના બધા જ સુખો છોડી દઈને સંયમ જીવનનો અંગીકાર કરે છે અને પોતાના આત્માના વિકાસ માટે નિકળી પડે છે. જીવનભર કોઈપણ ઋતુમાં ટાઢ, તડકો, કાંકરા, કંટક ને સહન કરીને પગપાળા વિહાર કરે છે. એવું તો કેટલીય વાર બનતું હશે કે જ્યારે પોતાને ગમે તેટલી તૃષ્ણા લાગી હોય પરંતુ જ્યાં સુધી ઉકાળેલું (અચિત) પાણી ન મળે ત્યા સુધી કાચું પાણી એટલે જેમાં અસંખ્ય જીવાણુંઓ જન્મે છે અને મરે છે, એવું પાણી જૈન સાધુ વાપરતા નથી. ગમે તેટલી ક્ષુધા લાગી હોય તો પણ જ્યા સુધી સૂર્યોદય ન થાય એટલે કે સૂર્યોદય બાદ ૪૮ મીનીટ ન થાય એટલે કે 'નવકારશી' નો સમય ન થાય ત્યાં સુધી કોઈપણ આહાર, પાણી વાપરતા નથી. જીવનભર રાત્રિ ભોજનનો ત્યાગ તથા અચિત પાણી એ પણ જરૂરી માત્રામાં જ વાપરે છે. પોતાને આહાર વાપરવો હોય તો પણ અમુક જ સમયે 'ગૌચરી' - એટલે કે ગાય જે રીતે જુદી જુદી જગ્યાએથી ઘાસ ચરે છે તે મુજબ જુદા જુદા ઘરેથી થોડો થોડો આહાર વ્હોરીને પોતાના ગુરૂની આજ્ઞા મુજબ માંડલીમાં બેસીને પોતાનો આહાર લે છે. તે પણ દોષ રહિત આહાર જ પોતે વાપરે છે. દીક્ષા અંગીકાર કરીને પોતે **સુખનો ઈન્કાર અને દુઃખને આવકાર** આપવાની ભાવના સાથે જૈન સાધુ દીક્ષા લે છે. આવા કષ્ઠમય અને ત્યાગની સુંદર ભાવના જૈન ધર્મ સિવાય ક્યાંય જોવા મળે છે ખરી ?

'અહિંસા પરમો ધર્મ'ના સિદ્ધાંત ઉપર આધારીત એવા જૈન ધર્મના સાધુઓ મન-વચન-કાયાના યોગથી સૂક્ષ્મ અહિંસાના પૂજારી હોય છે. 'જયણા એ જ ધર્મ' એવું અંગીકાર કરીને જૈન સાધુ દિવસ-રાત જયણા પૂર્વક જીવન જીવે છે. જૈન સાધુ જ નહિં પણ સાચા શ્રાવકે પણ આવી સુક્ષ્મ અહિંસા પાળવાની હોય છે. જૈન શ્રાવક પણ કદી અળગણ પાણી વાપરે નહિં. પોતાની દિનચર્ચા એટલે કે દરેક વસ્તુ ગેસ, ચુલા વગેરે સૌથી પહેલા પૂંજણીથી પૂંજીને પછી જ ઉપયોગમાં લે છે. જેથી સૂક્ષ્મ પ્રકારના જીવો મરી ન જાય. હાલતાં - ચાલતાં પણ પોતાના પગ નીચે કીડી, મંકોડી વિગેરે મરી ન જાય એ રીતે જૈન સાધુ જયણાપૂર્વક વિહાર કરે છે. જૈન સાધુ પોતાની પાસે 'રજો હરણ' સાથે રાખે છે. જેનાથી પૂંજીને પછી જ પોતાનું આસન વાપરે છે. પોતાના વસ્ત્રોનું પણ વારંવાર 'પડિલેહણ' એટલે કે વસ્ત્રોમાં કોઈપણ પ્રકારના સૂક્ષ્મજીવજંતુ હોય નહિં તે જોયા પછી જ વસ્ત્રોનું તથા પોતાના સાધાનોનો ઉપયોગ કરે છે. આ રીતે કોઈપણ જીવની શારિરીક હિંસા જ નહીં પરંતુ કટુવચન દ્વારા માનસિક બુરૂં ન ઈચ્છવાની જિંદગી ભરની પ્રતિજ્ઞા હોય છે. કોઈપણ પ્રકારના વાહન, ગાડી, ઘોડા ન વાપરવાની પ્રતિજ્ઞા હોય છે. જેનાથી વાયુ કાયના સૂક્ષ્મ જીવોની પણ હિંસા ન થાય. આ કારણોસર જ જૈન સાધુ પગ પાળા વિહાર કરીને એક સ્થાનેથી બીજા સ્થાને જાય છે.

જીવન પર્યંત મન, વચન, કાયાથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરનાર જૈન સાધુઓ તમને બીજા કયા ધર્મમાં જોવા મળી શકશે ? જૈન સાધુને કોઈપણ સ્ત્રી સાથે વ્યવહાર સંબંધ જ નહિં પરંતુ તેની સામે ન જોવા માટે પણ આદેશ કરવામાં આવે છે. તેના કારણે તેનામાં વિકાર પણ પ્રવેશી ન શકે. જૈન ધર્મમાં ચૂસ્ત બ્રહ્મચર્યના પાલન માટે નવ વાડા નક્કી કરેલ છે. જેનાથી પોતે અણિશૂદ્ધ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સાધુ પાસે એક પણ પાઈ પૈસો હોતો નથી તેમ છતાં તેમના પુણ્યોદયે તેઓ પોતાનું જીવન વિતાવે છે. જૈન ધર્મમાં 'પરિમાણપરિગ્રહ વ્રત' ની મહત્તા હોય છે. જૈન શ્રાવકે પણ પોતાની જરૂરીયાત સિવાયની સંપત્તિ ન રાખવાનો નિયમ લેવાનો હોય છે. આવો મહાન ત્યાગ ધર્મ જૈન ધર્મ સિવાય ક્યાંય જોવા મળે છે ખરો ?

જૈન ધર્મમાં ૧૪ નિયમો આદિ પાળવાનો આદેશ હોય છે. જે દરેક જૈન શ્રાવક તથા સાધુઓએ પાળવાનો હોય છે. એટલે કે પોતાના વાપરવાના દ્રવ્યો પણ સીમિત કરવાના હોય છે. માર્ગાનુસારી શ્રાવકના ૩૫ ગુણો બતાવેલ છે તે મુજબ શ્રાવકે પણ પોતાના ઉપર અત્યંત સંયમ રાખીને એટલે કે ત્યાગ ધર્મ મુજબ જીવન જીવવાનું હોય છે. જૈન તીર્થંકરો પોતાનું સર્વસ્વ છોડીને છેવટે પોતાનું અધોવસ્ત્ર પણ આપી દે છે. એટલે કે પોતાના સર્વસ્વનો ત્યાગ કરે છે. આવી છે જૈન ધર્મના ત્યાગની મહત્તા.

જૈનતીર્થંકરો ઘોર તપશ્ચર્યા કરીને અનેક ઉપસર્ગો સહન કરીને મહાન બને છે. વિશ્વના પ્રાણીમાત્ર માટે મૈત્રીભાવ અને કરૂણા એટલે કે 'સવીજીવ કરૂં રસ્સી'ની તીર્થંકરની ભાવના બીજા ક્યાં ધર્મમાં જોવા મળશે !

જૈન ધર્મની આરાધના કોઈપણ પ્રકારના ભૌતિક સુખો મેળવવા માટે નહિં પરંતુ મોક્ષગામી બનવા માટે હોય છે. એટલે કે પોતાના ધન, દોલત વિગેરેનો સદ્‌ઉપયોગ પોતાની લક્ષ્મીની મૂર્છા ઉતારવા માટે જ કરવાનો હોય છે. આવી ઉત્તમ પ્રકારની ત્યાગ ભાવના તમોને બીજા કયા ધર્મમાં જોવા મળશે ?

જૈન ધર્મમાં મોહ, માયા, લોભ, ક્રોધ જેને આત્માના વિકાસ માટે આંતરશત્રુ ગણાય છે. આવા ચાર કષાયોને કાબૂમાં લઈને તેમજ અષ્ટકર્મ એટલે જ્ઞાનાવરણીય, મોહનીય, નામ, ગૌત્ર, આયુષ્ય, અંતરાય, કર્મોના નાશ કરીને જૈન ધર્મની આરાધના મોક્ષ પ્રાપ્તિ માટે જ કરવાની હોય છે. આ રીતે જૈન ધર્મ એ સર્વ પ્રકારે ત્યાગ કરીને જ કરવાનો હોય છે. અને આ છે જૈન ધર્મની વિશિષ્ટતા.


## શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્ક લિ.,

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર. ફોન :- ૨૫૧૩૭૦૨ - ૨૫૧૩૭૦૩

**-: શાખાઓ :-**

ડોન-કૃષ્ણનગર, વડવા-પાનવાડી, રુપાણી-સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર

**તા.૧-૧૨-૨૦૦૪ થી અમલમાં આવતા ડીપોઝીટ તથા ધિરાણના વ્યાજના દરો**

| ડિપોઝીટ | વ્યાજના દર |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૦ % |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૫.૫ % |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૬.૦ % |
| ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૭.૫ % |
| ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૦ % |
| સેવિંગ્ઝ ખાતા ઉપર વ્યાજ | ૩.૫ % |

**સિનિયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ મળશે.**
**નિયમિત હપ્તા ભરનાર સભાસદને ભરેલ વ્યાજના ૬ % વ્યાજ રિબેટ આપવામાં આવે છે.**

| ધિરાણ | વ્યાજના દર |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| રૂા. ૫૦,૦૦૧/- થી રૂા. ૨ લાખ સુધી | ૧૨.૦ % |
| રૂા.૨,૦૦,૦૦૧ થી રૂા.૨૦ લાખ સુધી | ૧૩.૦ % |
| N.S.C./K.V.P. સામે રૂા.૧ લાખ સુધી | ૧૧.૦ % |
| હાઉસીંગ લોન રૂા. ૮ લાખ સુધી ૭૨ હપ્તાથી | ૯.૫ % |
| ૭૨ હપ્તાથી વધુ | ૧૦.૫ % |
| મકાન રીપેરીંગ રૂા.૭૫,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| સોના ધિરાણ : રૂા. ૧ લાખ સુધી | ૧૨.૦ % |

● **રૂા. ૧ લાખ સુધીની ડીપોઝીટ વીમાથી આરક્ષિત** ● **છેલ્લા ૩૫ વર્ષથી ઓડીટ વર્ગ 'અ'**
● **બેન્કની વડવા શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે**

**નિરંજનભાઈ ડી. દવે** ચેરમેનશ્રી | **વેણીલાલ મગનલાલ પારેખ** મેનેજીંગ ડિરેક્ટરશ્રી | **બળવંતભાઈ પી. ભટ્ટ** જનરલ મેનેજરશ્રી




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (ત્રણ) જૈન ધર્મની પાંચ આગમ કથાઓ...
# શીલવન્તી શીવારાણી

રાજા ચેટકની પુત્રી શિવા ઉજ્જૈનના મહારાજા ચંડપ્રદ્યોતને પરણીને આવી. શિવા સતી સ્ત્રી હતી. ઉજ્જૈનમાં એક દિવસ શ્રમણ ભગવાન મહાવીર આવ્યા ત્યારે તેમની જીવનને શ્રેષ્ઠ બનાવતી ધર્મદેશના સાંભળીને શિવારાણીએ પોતાને યોગ્ય વ્રત લીધાં.

ચંડપ્રદ્યોત રાજા પોતાનું તમામ કાર્ય મંત્રી ભૂદેવને સાથે રાખીને કરે, બન્નેને પરસ્પર પ્રેમ અને પાકો વિશ્વાસ.

શિવાદેવી ભૂદેવને બંધુતુલ્ય ગણે. ભૂદેવ શિવાદેવીના મહેલમાં ગમે ત્યારે જઈ શકે. શિવા ભૂદેવ સાથે મોકળા મનથી હસીને વાત કરે પણ ભૂદેવ માને કે આ પ્રેમ છે !

ભૂદેવ મનોમન શિવાદેવીને ઝંખે ! કિન્તુ ભૂદેવમાં એવી હિંમત નહિ કે એ વ્યકત કરે ! એ એકલો તડપ્યા કરે. એક દિવસ ચંડપ્રદ્યોત નગર બહાર હતા, મહેલમાં બીજુ કોઈ હાજર નહી : તક જોઈને ભૂદેવે શિવારાણીનો હાથ પકડ્યો !

શિવાદેવીએ એક ઝાટકે હાથ છોડાવ્યો : એની આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ. એ કશું જ બોલ્યા વિના બીજા ખંડમાં જતી રહી.

ભૂદેવની સ્થિતિ કઠિન બની ગઈ. એ ભાગતો ઘરે પહોંચ્યો. રાજાએ બોલાવ્યો ત્યારે કહેવડાવ્યું કે તબિયત સ્વસ્થ નથી ! રાજા રાણીને લઈને તેની ખબર પૂછવા આવ્યા. શિવાદેવીએ પૂછ્યું, 'ભાઈ ! કેમ છે તમને ? મહેલમાં ચાલો, ત્યાં હું તમને સાચવીશ !'

ભૂદેવની લજ્જાનો પાર નહીં.

એ મહેલમાં આવ્યો.

એ સ્વસ્થ થયો એટલે શિવારાણીએ તેના કાંડે રક્ષાબંધન કર્યું ને કહ્યું :

'ભાઈ ! હું તમારી બહેન છું ને બહેનનો ધર્મ ભાઈને સન્માર્ગે રાખવાનો છે. ચિંતા ન કરશો, મેં કોઈને કંઈજ કહ્યું નથી, પરંતુ આજથી પરસ્ત્રીને મા સમાન ગણજો. આપણે સારા રહેવું, એમાં જ આપણું ભલું છે !

ભૂદેવે મૌન હામી ભણી.

ઉજ્જૈનમાં એ સમયે અગ્નિનો ઉપદ્રવ વ્યાપ્યો હતો. ગમે ત્યાં અને ગમે ત્યારે અણધારી આગ પ્રગટે ! બુદ્ધિમાન મંત્રી અભયકુમારે તેનું નિવારણ બતાવતા કહ્યું કે કોઈ સતી સ્ત્રી હાથમાં પાણી લઈને ધરતીને અદર્ય આપે તો આ ઉપદ્રવ શમે.

ઉજ્જૈનની અનેક નારીઓએ પ્રયત્ન કર્યા પણ ઉપદ્રવ ચાલુ રહ્યો.

શિવારાણી હાથમાં પાણી લઈને પોતાના મહેલ પર આવી. તેણે આકાશ પ્રતિ હાથ જોડીને કહ્યું :

'જીવનભર મેં પતિને વફાદારી દાખવી હોય, તન-મન-વચનથી શિયળનું પાલન કર્યું હોય તો હે દેવતા ! આ ઉપદ્રવ શાંત થાઓ !'

તેણે પાણીની અંજલિ અર્પી.

ઉપદ્રવ શાંત થઈ ગયો.

જીવનના અંતે શીવારાણીએ રાજા ચંડપ્રદ્યોતની અનુમતિ મેળવીને દીક્ષા ગ્રહણ કરી ઉત્તમ સંયમ પાળીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

: મુનિશ્રી પ્રેમપ્રભસાગરજી મ.

'મુનિ વાત્સલ્યદીપ'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ...ભદ્રંકરવિજયજી મ.સા. ...
### ...પોષ સુદ - ૧૦ સોમવાર, ...

**વ્યાખ્યાન : ૮**

*मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभु ।*
*मंगलं स्थूलिभद्राद्या, जैनधर्मोडस्तु मंगलं ॥*

ભાવના કારણરૂપ દ્રવ્યથી ક્રિયા થાય છે. તે પ્રધાન દ્રવ્ય ક્રિયા કહેવાય. તે પરિણામ ભાવમાં પરિણમે છે. જેમ નવો વિદ્યાર્થી બીજાના કહેવાથી ભણે છે અને તે પણ પરિણામે વિદ્વાન બને છે. નૈગમ નય પ્રારંભથી કાર્ય થયુ એમ કહે છે. જેમ કે મોક્ષ માટે એક પગલું ઉપાડયું તે મોક્ષગામી બની ગયો.

દ્રવ્ય મંગળ ભાવ મંગળરૂપ બને છે. બાંધી મુદતે રકમ જો મળવાની હોય તો તે મિલકતના માલિક મૂળ વ્યક્તિ ગણાય છે. એ ન્યાયે જ્ઞાનીના કહેવાથી અજ્ઞાની જે ક્રિયા કરે છે તે પણ માર્ગે જ છે એમ કહેવાય. દેખતાની પાછળ આંધળા પણ ઈષ્ટ સ્થાને પહોંચે છે અને આંધળાની પાછળ ચાલનારા સ્ખલના પામે છે.

જ્ઞાનીઓ કહે છે કે ત્રણ ભુવનનું પૂજનિકપદ નવકાર ગણવાથી ઉત્પન્ન થાય છે. આટલું ફળ એમાં છૂપાયેલું છે. નવકાર એ સદ્દગતિમાં જવા માટેનું વિમાન છે. આ અમૂલ્ય વસ્તુનું મૂલ્ય જો આપણને સમજાય તો દુ:ખ ન રહે. નથી સમજાતું એનું કારણ મિથ્યા મોહ છે. મિથ્યા મોહ એ મોટું વિઘ્ન છે. જ્ઞાની એવા દેખતાની પાછળ ચાલવામાં સંદેહ કરવો એ મોટું વિઘ્ન છે. આંધળા - અજ્ઞાનીની પાછળ તેમની સલાહ મુજબ ચાલવું એ પણ મોટું વિઘ્ન છે.

પાપ રહિત પુરૂષોના સંગથી પાપ રહિત બનાય છે.

સંતોષથી પાપ રહિત બનાય છે. દુન્યવી વસ્તુ સામે આવે અને જે ના કહે તે રાજાનો પણ રાજા છે. 'મારે ખપ નથી.' એ ઉદ્દગાર અંદરના સંતોષ - અમૃતના ઓડકાર છે. ત્યાગીને 'મહારાજ' એટલા માટે કહેવાય છે કે તેને નિરર્થક વસ્તુ જોઈતી જ નથી. ખપથી અધિક મળતું હોય તો પણ તે સ્વીકારતા નથી, અને કહે છે કે 'અમારે ખપ નથી.'

શાંતિનું મૂળ સંતોષ છે તેમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન એટલે તત્ત્વરૂચિ, સારી બુદ્ધિ.... બુદ્ધિ સારી હોય ત્યારે સારી વસ્તુ ગમે છે. બુદ્ધિ બગડે ત્યારે ખરાબ વસ્તુ ગમે છે. ખરાબમાં ખરાબ વસ્તુ પ્રત્યે માણસને મોહ થાય છે એ બુદ્ધિનો વિપર્યાસ છે.

નવકાર ગણીને કામ કરવાથી માણસ ખોટા કાર્યમાં પ્રવર્તી શકતો નથી અને તેની બુદ્ધિ નિર્મળ રહે છે. પાણી પણ એક નવકાર ગણીને પીવું એમ કહ્યું છે. પાટણમાં સાત વ્યસનોનો દેશનિકાલ થયો હતો. તેથી આ ભૂમિમાં પાપ થઈ શકતું નથી. પાપ ટકી શકતું નથી.

ભાવ મંગળની પ્રાપ્તિથી બુદ્ધિ સુધરે છે. કોઈનું સારું ન બોલાયું એ કુથલી છે. એ પણ વ્યસન છે. પરનિંદા એ લોકવિરૂદ્ધનું પ્રથમ નંબરનું કાર્ય છે. તે પાપરૂપ છે. પાપથી સંકટ - દુ:ખ આવે છે. સંકટ વધે છે ત્યારે કિંમતી પદાર્થોના ભાવ વધે છે. કિંમતી વસ્તુઓમાં ધર્મ એ સૌથી વધુ કિંમતી છે. જ્યારે ખરેખરી આપત્તિ આવે છે, ત્યારે ધર્મનું મૂલ્ય વધે છે. બાહ્ય જગતને સોનાની કિંમત છે. પણ તે તત્ત્વથી સાચી શાંતિ નહિ આપી શકે. નવકાર એજ સાચું સોનું છે. નવકાર એ ચૌદપૂર્વનો સાર છે. નવકાર એ ચારિત્રનો પ્રાણ છે.

જ્ઞાન - અધ્યયન - ચારિત્ર - તપ એ બધું હોય પણ નવકાર પ્રત્યે રૂચિ ન જાગે તો તે બધું નિષ્ફળ છે. અંદરની કુમતિ આપણને નવકારમાં રૂચિ ઉત્પન્ન થવા દેતી નથી. બુદ્ધિ ઉપર સીધી અસર નવકાર કરે છે. અસર કરનાર પરમેષ્ઠિઓ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્ય અને ચંદ્ર કરતાં પણ વધારે પ્રકાશિત અરિહંત અને સિદ્ધ છે. તેમનું આલંબન લેવાથી બુદ્ધિ સુધરે છે. બુદ્ધિ અને મનને સુધારવું એ મનુષ્ય જન્મનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. એ કાર્ય નવકારથી થાય છે. નવકારથી બુદ્ધિ - મન અને વાણી બધું સુધરે છે.

જ્ઞાનીને પરોપકાર કરવાનું સાધન વચન છે. ભગવાનના વચનના પ્રભાવથી ગણધરોની બુદ્ધિ વિકાસ પામે છે. સારા વચનોથી મન પણ સુધરે છે. દુષ્ટ મન જેમ દુર્ગતિમાં લઈ જાય છે, તેમ નિર્મળ મન સદ્‌ગતિનું પ્રધાન કારણ છે.

શરીર - મન અને વાણી કિંમતી હોવા છતાં મનુષ્યોને મન ધનની કિંમત વધારે છે. એજ મનની વિકૃતિની નિશાની છે. છતાં જે ધન ધર્મ વધારે, પ્રવચનની ઉન્નતિ કરે, શાસનની પ્રભાવના કરે છે તે ધન નિંદનીય નથી પણ પવિત્ર છે.

માનપત્ર લેનારે પોતાનું માન ન ઈચ્છવું જોઈએ એ જેમ નિયમ છે. તેમ આપનારે અવશ્ય યોગ્યની કદર કરવી જોઈએ. એટલે કે યોગ્યને માન આપવું જોઈએ. શરત એટલી કે માન આપવા લાયક દેવ - ગુરૂનું સ્મરણ ભૂલાવું ન જોઈએ. દેવ - ગુરૂને હંમેશા આગળ રાખવા જોઈએ. શ્રાવક પણ શાસનનો સ્તંભ છે. ભવ્યાત્મા છે. તેની પુષ્ટિમાં શાસનની પુષ્ટિ છે. કારણ કે શાસનના બધા અંગો સબળ જોઈએ...

શ્રાવક ધન ત્યાગે તો પણ તેનું બહુમાન થાય છે. જે ધન મોહ - મૂર્ચ્છા ઉત્પન્ન કરાવે છે તે તુચ્છ છે. પણ પ્રભુભક્તિ માટેનું ધન, સાત ક્ષેત્રની ઉન્નતિનું ધન એ મહાન છે. પોતાનું ધન પોતા સિવાય બીજાના ઉપયોગમાં આવે તો તે ધન મૂર્ચ્છાનું કારણ બનતું નથી. પણ ધર્મનું કારણ બને છે.

નવકાર મંત્ર એ ધર્મનું સરળમાં સરળ સાધન છે. નવકારનો જાપ એ શ્રેષ્ઠ ધર્મ છે. નવકાર ગણતાં 'પ્રાણી માત્ર સુખી થાઓ' એવો ભાવ જોઈએ. બીજી કોઈ આશંસા ન જોઈએ.

સર્વ જીવોનું હિત ચિંતવવાથી આપણને નિયમા લાભ થાય છે. તો જે આલંબનથી આપણને લાભ થાય તે આપણા ઉપકારી ગણાય કે નહિં.... ? ગણાય... જ ને ?

બધાનું હિત ચિંતવવાથી આપણને નિયમા લાભ થાય છે. એ લાભ કરાવનાર આપણા કરતાં બીજા જ છે. એમ માનવું એનું નામ જ 'નમો અરિહંતાણ' છે.

'નમો' = નમ્રતા અર્થાત્ જે નુકશાન થાય છે તે મારાથી થાય છે. 'અરિહંતાણ' અર્થાત્ જે લાભ થાય છે તે બીજા દ્વારા થાય છે. આમ માનવું એ નમ્રતા છે.

અરિહંતની દ્રવ્યથી - વાણીથી - મનથી - એકાગ્રતાથી પૂજા કરવાની છે.

ક્રોડ પૂજા બરાબર સ્તોત્ર, ક્રોડ સ્તોત્ર બરાબર જાપ, ક્રોડ જાપ બરાબર ધ્યાન, ક્રોડ ધ્યાન બરાબર લય, ક્રોડ લય બરાબર પ્રજ્ઞા, પ્રજ્ઞા એટલે ઉત્કૃષ્ટ બુદ્ધિ.

પાંચ પરમેષ્ઠિમાં મન લાગે ત્યારે પાંચ વિષયની પક્કડમાંથી છૂટી શકાય છે. નવકાર માટે કહેવાયું છે કે,

'એસો મંગલ નિલઓ' = મંગળનું સ્થાન છે...

'સયલ સુહ જણણો' = સર્વનુ સુખ કરનાર છે..

આત્મામાં રહેલ આઠ કર્મ એજ અનાદિના આઠ કુગ્રહ છે. તેને દૂર કરવા માટે નવકાર મંત્રનો જાપ અને તપ એ બે સમર્થ છે. આ આઠ કુગ્રહોના નાશ માટે એ બે રામબાણ ઉપાય છે.

ભૂતકાળમાં નવકારનો જાપ એકાગ્ર ચિત્તથી થયો નથી તેથી જ વારંવાર ભવભ્રમણ કરવું પડયું છે.

---

છોડ પર કાંટા પહેલા આવે છે, પુષ્પ પછી. કુવો ખોદતા હાથમાં પથ્થર પહેલાં આવે છે, પાણી પછી, વ્યક્તિ સાથેના વ્યવહારમાં ક્રોધના દર્શન પહેલાં થશે, પ્રેમના પછી...

---

જે માણસ નબળો છે તેની પાસે શું કામ કરાવવું ? નબળાઈના અનેક કારણ છે. કોઈ માણસ શરીરથી નબળો હોય છે, કોઈ સંવેદનાથી નબળો હોય છે. કોઈ ભાવનાથી નબળો હોય છે. નબળાઈ આખરે નબળાઈ છે. સફળતા માટે જરૂરી છે શક્તિનો વિકાસ.

: **આચાર્ય મહાપ્રજ્ઞ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂં. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે....

## દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !
આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની
આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ - સાધ્વીજી
ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે

**અમારા યુવાનો તથા તપોવની**
**બાળકોને દર વર્ષે જરૂરરથી બોલાવજો.**

### આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં

૧. અષ્ટાન્હિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.
૨. રાત્રે પરમાત્માભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.
૩. બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.
૪. શ્રી સંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

જો આપના સંઘમાં સાધુ - સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.

### નમ્ર સૂચન

આરાધના કરાવવા આવનારને
ગાડી ભાડું વગેરે
શ્રી સંઘે બહુમાનરૂપે
આપવાનું રહેશે.

### ફોર્મ ભરીને મોકલવાનું સરનામું

પર્યુષણ વિભાગ : સંચાલકશ્રી
શ્રીયુત લલીતભાઈ ધામી/રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમિયાપુર, પોસ્ટ : સુઘડ
ફોનઃ ૦૭૯-૨૩૨૭૬૯૦૧, ૨, ૩, ૪
ફેક્સ : ૦૭૯ - ૨૩૨૭૬૯૦૫

લિ. જીવન જાગૃતિ ટ્રસ્ટ, લલીતભાઈ જે. ધામી - ટ્રસ્ટી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચાતુર્માસ પ્રવેશ

■ પૂ. આ.શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. આદિનું ચાતુર્માસ ભાવનગર સ્થિતશ્રી દાદાસાહેબ જૈન દેરાસર ઉપાશ્રય ખાતે, પૂ. આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.આદિનું ચાતુર્માસ વિદ્યાનગર જૈન ઉપાશ્રયે નક્કી થતાં તા.૨૮-૬-૦૬ ના રોજ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયેલ છે.

■ પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મ.સા. ના શિષ્યરત્ન મુનિશ્રી મુનિશરત્નવિજયજી મ.સા. આદિ કૃષ્ણનગર જૈન દેરાસર - ઉપાશ્રય, પૂ.મુનિશ્રી ભદ્રબાહુવિજયજી મ.સા. આદિ શ્રી શાસ્ત્રીનગર જૈન દેરાસર - ઉપાશ્રય, પૂ.મુનિશ્રી લલિતાંગવિજયજી મ.સા. આદિ રૂપાણી સર્કલ જૈન દેરાસર - ઉપાશ્રય, પૂ.મુનિશ્રી લબ્ધિચંદ્ર સાગરજી મ.સા.ના શિષ્યરત્ન મુનિશ્રી જીનેશ ચંદ્રસાગરજી મ.સા. આદિ ગોડીજી જૈન દેરાસર - ઉપાશ્રય, વોરાબજાર તથા પૂ. મુનિશ્રીકુશળસાગરજી મ.સા. શિષ્યરત્ન મુનિશ્રી સુમતિ સાગરજી મ.સા. આદિ નૂતન ઉપાશ્રય, નાનભા શેરી, ભાવનગર ખાતે ચાતુર્માસ પ્રવેશ થયેલ છે. તેમજ સાધ્વીજી સમુદાયમાં પૂ.શા.સ. સમુદાયના પૂ.સા.શ્રી કનકપ્રભાશ્રીજી મ., પૂ.સા.શ્રી હેમલતાશ્રીજી મ., સા.શ્રી સૂર્યકલાશ્રીજી મ., સા.શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ., સા.શ્રી ઉદ્યોતયશાશ્રીજી મ.,સા.શ્રી ઈક્ષિતજ્ઞાશ્રીજી મ., સા.શ્રી શીલંધરાશ્રીજી મ., પૂ.સાગરજી સમુદાયના પૂ. સા.શ્રી લક્ષિતજ્ઞાશ્રીજી તથા પૂ.આ.શ્રી ભુવન ભાનુસૂરિજી સમુદાયના પૂ.સા.શ્રી હર્ષિત રેખાશ્રીજી આદિ ભાવનગર સ્થિત જુદા જુદા શ્રાવિકા ઉપાશ્રયોએ ચાતુર્માસ બિરાજમાન છે.

■ <u>ગુજરાતમાં પૂ.સાધુ - સાધ્વીજી ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ :</u> ગુજરાતભરમાં ઉપાશ્રયોમાં ચાતુર્માસ પ્રવેશનો પ્રારંભ થયો છે. ગુજરાતના જુદા જુદા શહેરોમાં તા. ૯મી જુલાઈ સુધી ચાતુર્માસ પ્રવેશ પ્રારંભ થતો રહેશે. ગુજરાતના ઉપાશ્રયોમાં ૪ મહિના સુધી જૈન સાધુ સાધ્વીઓ જે તે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા બાદ કારતક સુદ પૂનમ સુધી ત્યાં જ રહેશે. પાલીતાણામાં ૨૦થી વધુ આચાર્યશ્રીઓ ચાતુર્માસ કરનાર છે. પાલીતાણાના જમ્બુદ્વીપ ખાતે આચાર્ય શ્રી અશોકસાગર મહારાજશ્રીએ તેમના શિષ્યો સાથે પ્રવેશ કર્યો હતો. આવી જ રીતે આચાર્યશ્રી યશોવર્મ સુરીશ્વર મહારાજશ્રીએ સુરત ખાતે આઠવાલાઈન ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો છે. ગચ્છાધિપતિ સુબોધસાગર મહારાજશ્રી તા.૬ઠ્ઠી જુલાઈના રોજ આંબાવાડી પાસેના શ્રેયસ ક્રોસીંગ આયોજનનગરના ઉપાશ્રય ખાતે તથા ગચ્છાધિપતિ સુર્યોદય સાગર તા.૩૦મી જુનના રોજ સેટેલાઈટ ઉપાશ્રય ખાતે પ્રવેશ કરેલ. ધર્મગુપ્ત મહારાજશ્રી ઈન્દ્રવિજય મહારાજશ્રી સાથે આંબાવાડી જૈન ઉપાશ્રયમાં ૩જી જુલાઈના રોજ પ્રવેશ કરેલ.

તા.૬ઠ્ઠી જુલાઈના રોજ પદ્મસાગર મહારાજશ્રી પાલીતાણામાં સાદડી ભવન ખાતે ઉપરાંત ગચ્છાધિપતિ અભયદેવ સુરીશ્વરજી પણ પાલીતાણાના ઉપાશ્રયમાં પ્રવેશ કરેલ. શ્રી લબ્ધિચંદ્ર સાગર મહારાજ જામનગરમાં પેલેસ ઉપાશ્રયમાં પ્રવેશ કરેલ.

જ્યારે ધોળકાના કલીકુંડ તીર્થના સંસ્થાપક શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રી મુંબઈમાં ગોડીજી ઉપાશ્રય પાયધુનીમાં પ્રવેશ કરશે. આ પહેલા આચાર્ય શ્રી રાજયશ સુરીશ્વરજી મહારાજ તથા વાચમયમાશ્રીજી બેન મહારાજ ૨જી જુલાઈના રોજ દાદર ખાતેના ઉપાશ્રયમ પ્રવેશ કરેલ.

બંધુ બેલડી જૈન આચાર્ય શ્રી જીનચંદ્ર સાગર તથા હેમચંદ્રસાગર મહારાજશ્રી ૯મી જુલાઈના રોજ રાજસ્થાન નાગેશ્વર તીર્થમાં ચાતુર્માસ પ્રવેશ કરશે. ચાતુર્માસ દરમિયાન તા.૨૧મી ઓગષ્ટથી શરૂ થતા આઠ દિવસના પર્યુષણ પર્વમાં તપશ્ચર્યા અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગરની

# ૧૧૧માં સ્થાપના દિનની સાધર્મિક ભક્તિ દ્વારા ઉજવણી

ન્યાયાંભોનિધિ પૂ.આ.શ્રી વિજયાનંદસૂરિજી મ.સા. ના કાળધર્મ પછી બાવીસમાં દિવસે શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના ધામધૂમપૂર્વક કરવામાં આવેલ. વિક્રમ સંવત ૧૯૫૨ના બીજા જેઠ સુદિ - ૨ તા.૧૩-૬-૧૮૯૬ શનિવારનો તે પવિત્ર દિવસ હતો.

પંન્યાસશ્રી ગંભીરવિજયજી મહારાજે આ સુઅવસરે જ્ઞાનના મહિમા પર અસરકારક દેશના આપી સભાને મંગળ આશીર્વાદ આપ્યા હતા. મહુવાથી પધારેલ શ્રી વીરચંદ રાઘવજીભાઈ ગાંધીએ ઓજસ્વી ભાષામાં સ્વર્ગવાસી ગુરૂદેવશ્રીની જગવિખ્યાતી બિરદાવતું અને આ સભા દ્વારા જૈન સમાજને કેટલો મોટો લાભ થશે તે દર્શાવતું હૃદયદ્રાવક પ્રવચન આપ્યું હતું.

છેલ્લા ૧૧૦ વર્ષથી માનદ્ સેવાને વરેલી આ સંસ્થા આજે પણ જ્ઞાનસાગરની દીવાદાંડી રૂપે અવિરત પણે આ સદ્કાર્યોને આગળ ધપાવતી રહી છે. જે પૂજ્ય ગુરૂભગવંતશ્રીઓના શુભ આશીર્વાદ અને મહાનુભાવોની સભા પ્રત્યેની અનહદ લાગણીઓનું શુભ પરિણામ છે.

આજે પણ આ સંસ્થા દ્વારા વિવિધ ધાર્મીક તેમજ સામાજિક પ્રવૃત્તિઓ અવિરત પણે ચાલુ છે. જે નીચે મુજબ છે. (૧) લાઈબ્રેરી વિભાગમાં દસ હજાર ઉપરાંત ધર્મગ્રંથો તેમજ ૧૫૦૦ થી ૨૦૦૦ છાપેલ પ્રતોનું સુવ્યવસ્થિત સંચાલન કરવામાં આવે છે. (૨) દર ત્રણ મહીને સભાના મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ'નું પ્રકાશન કાર્ય ચાલે છે. (૩) સમયાનુસાર યાત્રા પ્રવાસોનું આયોજન કરવામાં આવે છે. (૪) સભા દ્વારા પૂર્વે પ્રકાશિત થયેલ અલભ્ય ગ્રંથોનું પુનઃ પ્રકાશન કરવામાં આવે છે. (૫) કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ - બહેનો કે જેઓ આર્થિક રીતે નબળા હોય તેઓને દાતાશ્રીઓના દાનની રકમ વડે શૈક્ષણિક સહાયનું આયોજન કરવામાં આવે છે. (૬) સંસ્કૃત વિષયમાં ઉચ્ચ ગુણાંક મેળવનાર ધો. ૧૦ તથા ૧૨ ના વિદ્યાર્થી ભાઈ - બહેનોને રોકડ રકમ, મોમેન્ટો આદિથી પુરસ્કૃત કરવામાં આવે છે. તેમજ પ્રસંગોપાત આપણા સમાજના આર્થિક રીતે નબળા એવા આપણા સાધર્મિકબંધુઓને દાતાશ્રીઓના સહયોગથી જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે.

સભાના ૧૧૧માં સ્થાપના દિન નિમિત્તે ગત તા.૨૮-૫-૦૬ ના રોજ સભાના આજીવન સભ્યશ્રી અને ઉદારદિલ મહાનુભાવ ડો.રમણિકલાલ જે. મહેતા તથા શ્રીમતી સાવિત્રીબેન આર. મહેતાના આર્થિક સહયોગથી શ્રી શ્વેતાંબર સેવા સમાજના પીળા તથા ગુલાબી કાર્ડ ધારકોને કેરીનું તથા તા.૧૮-૬-૦૬ ના રોજ છત્રીનું વિતરણ કરવામાં આવેલ. સભા દ્વારા જેઠ સુદ ૨ ના સ્થાપના દિન નિમિત્તે ભાવનગર શહેર સ્થિત જુદા જુદા દેરાસરોમાં મૂળનાયક ભગવાનને સુંદર આંગી રચનાનું આયોજન કરવામાં આવેલ.

આમ, સભા દ્વારા સ્થાપના દિન નિમિત્તે સુંદર આયોજન દ્વારા ૧૧૧માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવેલ. જેમાં સભાના હોદ્દેદારશ્રીઓએ, કારોબારીના સભ્યશ્રીઓએ તેમજ સ્ટાફ મેમ્બરોએ સુંદર સહયોગ આપી સ્થાપના દિનની શાસન પ્રભાવનાપૂર્વક ઉજવણી કરેલ.

## ક્ષમા

પોતાનું હૈયું કૂણું રાખવું
આ છે ક્ષમા - ભાવ.
અને અન્યના હૈયાને પણ
કૂણા કરી નાખવા
આ છે ક્ષમાનો પ્રભાવ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરાધનાના અનેક કાર્યક્રમો યોજવામાં આવશે. સાગર સમુદાયના શ્રી હેમચંદ્રસાગર મહારાજ નાગેશ્વર ખાતે શ્રી લબ્ધિચંદ્ર સાગર મહારાજશ્રી જામનગર ખાતે કરોડો નવકાર મંત્રના આરાધનાના કાર્યક્રમોનું આયોજન કરશે.

(ગુ. સ. તા.૨૯-૬-૦૬)

■ પૂ. આ.શ્રી દેવચંદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. આદિશ્રી પરમાનંદ શ્વે. મૂ.પૂ. સંઘ, વિતરાગ સોસાયટી, પી.ટી. કોલેજ રોડ, પાલડી, અમદાવાદ ખાતે ચાતુર્માસ પ્રવેશ થયેલ છે. પૂ. ગચ્છાધિપતિ આ. દેવશ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુંવાદ સભાનું આયોજન કરવામાં આવેલ.

■ પૂ.આ.શ્રી પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ.સા. તથા પૂ. પં.શ્રી યુગચંદ્રવિજયજી મ.સા. આદિ ઠા. ૯ નું શ્રી રાજસ્થાન જૈન સંઘ, મહાવીર પ્રભુ ચોક, કાસાર હાટ, કલ્યાણ - ૪૨૧૩૦૧ (જિ. થાણા - મહારાષ્ટ્ર) ખાતે તા.૨૮-૬-૦૬ ના રોજ ચાતુર્માસ પ્રવેશ થયેલ છે. પૂ. આ. શ્રી ની અચાનક હૃદયની પરિસ્થિતિ પલટાતા તા.૪-૫-૦૬ ના રોજ એશિયન હાર્ટ હોસ્પિટલમાં બાયપાસ સર્જરી સફળ રીતે થયા બાદ ચિકિત્સકોની સૂચના અનુસાર (પેણ) ખાતેનું ચાતુર્માસ મોકુફ રાખેલ છે.

■ પૂ.આ.શ્રી ભક્તિસૂરિજી મ.સા. ના પ્રશિષ્ય મુનિશ્રી શુભંકરવિજયજી મ.સા.નો તા.૨૭-૬-૦૬ ના રોજ ઘોઘા તીર્થ ખાતે ચાતુર્માસ પ્રવેશ થયેલ છે. સ્થળ : શેઠ કાળા મીઠાની પેઢી, પો. ઘોઘા (જિ.ભાવનગર.)

## ... જીવદયા ફંડ વિતરણ સમારોહ

પૂ. આ. શ્રી વિજય ગુણયશરત્ન સૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ.સા. આદિની શુભ નિશ્રામાં ધાનેરા નિવાસી શ્રીમતી ચંપાબેન જયંતીલાલ દાનસુંગભાઈ અજબાણી પરિવારે નવ્વાણું માળ મહોત્સવ દરમ્યાન અબોલ જીવોની દયા કાજે એક માતબર જીવદયા ટીપ થયેલ. આયોજક પરિવારે સ્વયં મહાન રાશી અર્પણ કરતાં અડધો-પોણો કલાકના ટુંકા સમયમાં તેતાલીસ લાખ જેટલો નિધિ એકત્રિત થઈ જવા પામેલ.

તા.૧૫-૫-૦૬ ના રોજ વ્યાખ્યાનના અવસરે નવાણું આયોજક સમિતિએ જીવદયા ફંડના વિતરણના એક ભવ્ય સમારોહનું આયોજન કર્યું હતું.અજબાણી પરિવારના સભ્ય વિનોદભાઈએ 'સૌભાગ્યનાં ભાગીદાર' થવા રૂપે પોતાના પરિવારને મળેલા વિશેષ લાભને અનુમોદી પધારેલા મહાનુભાવોનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા વ્યક્ત કરી હતી.

નવ્વાણું આયોજન સમિતિ હસ્તકની ટીપની રકમ ૪૨ ઉપરાંત સંસ્થાઓને જીવદયાના ફંડની ફાળવણી કરવામાં આવેલ. ફંડની ફળવાઈ થઈ ગયા બાદ પણ કેટલીક સંસ્થાઓની અરજી આવતાં અજબાણી પરિવારે પોતાના રૂા.૬૦ હજારથી વધુ દ્રવ્યનો સદ્વ્યય કરી એમને પણ રકમ ફાળવી હતી.

આજના પ્રસંગે પધારેલ પાંજરાપોળના ટ્રસ્ટીઓને 'અહિંસાનો પરમાર્થ' પુસ્તક પણ અજબાણી પરિવાર તરફથી ભેટરૂપે આપવામાં આવ્યું હતું. જેમાં પૂજ્યશ્રીના અહિંસાનું સ્વરૂપ ભેદ આદિ બાબતો પર પ્રકાશ પાથરતા પ્રવચનો સંગ્રહાયેલા છે. પધારેલા દરેક આમંત્રિતોની સાધર્મિક ભક્તિ તથા બહુમાન કરવામાં આવેલ. ધાનેરા સંઘના વિવિધ પૂણ્યાત્માઓ તરફથી કુલ રૂા. ૫૦નું સંઘપૂજન પણ કરવામાં આવેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રેક વગરની કાર ચલાવવી જોખમી છે. તેમ બ્રેક વગરની જીભ ચલાવવી પણ મુશ્કેલ છે.

સકલજીવ સૃષ્ટિમાં વાચા શક્તિ બહુ ઓછા જીવોને મળે છે. જાનવરો અવાજ કરે છે પણ ઉચ્ચાર કરી શકતા નથી. શબ્દોચારની શક્તિ માત્ર માનવને મળી છે. મળેલી વાચા - વાણીનું માણસો મહત્ત્વ નથી સમજતા એટલે આખો દિવસ બોલ - બોલ કરે છે. પોતાની વાણીનો ધોધ પાણીના ધોધની જેમ વહાવ્યે જાય છે. બ્રેક વગરની કાર ચલાવવી જોખમી છે. તેમ બ્રેક વગરની જીભ ચલાવવી પણ મુશ્કેલ છે. બ્રેક વગરની કાર અને જીભ બન્ને ગમે ત્યારે જીવલેણ અકસ્માત કરી નાખ છે. બ્રેક વગરની જીભ અને બ્રેકવાળી જીભ શું શું કરી શકે છે તેના નીચે મુજબના બે દૃષ્ટાંતો આપણને ઘણું ઘણું કહી જાય છે.

પતી - પત્ની બે તાજા પરણેલા હતા. રેલ્વેની પટરી ક્રોસ કરી રહ્યાં હતાં. એક ભીખારી પતીની પાછળ લાગીને લળી - લળીને ભીખ માગતો હતો. પત્નીથી રહેવાયું નહી એટલે એણે બકી નાખ્યું. તમને આટલી બધી આજીજી કરે છે એટલે લાગે છે કે તમારો મિત્ર હોવો જોઈએ. પતિએ તત્કાળ તો કશો પ્રત્યુત્તર ન આપ્યો પણ ઘરે જઈને સીધા ફારગતીના ફોર્મ ભરીને કોર્ટમાં કેસ દાખલ કરી દીધો. સ્વજનોએ ઘણી મહેનત કરી પણ પરિણામ શૂન્ય આવ્યું. પત્નીને કાયમ માટે પીયર બેસવું પડ્યું.

એક પદયાત્રા સંઘ જઈ રહ્યો હતો. જંગલમાં લુંટારાઓએ ધા નાખી દર દાગીના - રૂપિયા પૈસા જે હોય તે હાલને હાલ અબઘડી ઉતારીને આપી દો નહિંતર ધડ-મસ્તક વેગળા થઈ જશે. એક આગેવાન વૃદ્ધ કહ્યું કે, બધા જ પોત પોતાનું ઉતારીને તૈયાર રાખો. ખબરદાર જો કોઈએ કંઈ રહેવા દીધું છે. તો તમે બધા નિરાંતે દાગીના ઉતારો ત્યાં લગી હું આ બધા આપણા મહેમાનોને જમાડીને આવું છું. આપણે આંગણે આવ્યો તે આપણો પરોણો કહેવાય, એને ભૂખે ન મરાય. વૃદ્ધ યાત્રિકે બધાને રસોડે જમવા બેસાડી દીધા. એવા ભાવથી જમાડ્યા કે જમતાં જમતાં જ લુંટારાના વિચારો બદલાઈ ગયા. ઉભા થતાં પહેલા વૃદ્ધ કહે છે કે, જલ્દી ચાલો લોકોએ ધન - માલ દાગીનાનો ઢગલો કરી રાખ્યો છે. ઉપાડી લો ! લુંટારા કહે છે કે, જેનું અન્ન ખાધું તેનો માલ ન લુંટાય. નમક હરામ ન થવાય. રામ, રામ તમને ! વૃદ્ધે કહ્યું કે એમ રામ રામ કહીને વયા ન જવાય. હાલો અમારી ભેળા ! જ્યાં કોઈ હવે લુંટારાઓ આવે એ બધાથી રખોપું કરવાની જવાબદારી તમારી છે. ખરેખર લુંટારા રખેવાળ બન્યા, પહેરદાર બન્યા, વોચમેન બન્યા, સીક્યુરીટી ગાર્ડ બનીને તેમણે સંઘને તીર્થમાં સહી - સલામત પહોંચતો કરી દીધો. આ બધો ચમત્કાર માત્ર બોલવાની કળાનો છે.

શબ્દમાં એટલી બધી તાકાત છે કે વિવાહની વરસી કરી શકે છે અને દુઃખને સુખમાં ફેરવી શકે છે. કેવા અવસરે કેવું બોલવું જોઈએ એની કળા બહું ઓછા લોકોના હાથમાં હોય છે. જે લોકો પાસે આ કળા હોય છે તે જંગલમાંય મંગલ સર્જે છે. આફતને પણ અવસરમાં ફેરવી નાખે છે.

શાસ્ત્રોમાં કહેવાયું છે : 'મહીયાંસઃ પ્રકૃત્યા મિતભાષિણઃ' મોટા માણસો સ્વભાવથી જ ઓછું બોલવાવાળા હોય છે. જ્યારે પણ બોલે ત્યારે હિતકારી, મિતકારી (ઓછું) અને પ્રિય વચન જ બોલતા હોય છે.

**(પ્રેરણા પત્રમાંથી સાભાર)**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

**પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરતાં શ્રીમતી વર્ષાબેન પ્રદીપ દોશી :** વલભીપુર નિવાસી હાલ મુલુન્ડ રહેતા શ્રીમતી વર્ષાબેન પ્રદીપ દોશીને 'જૈન ભક્તિ સાહિત્ય સતરમું અને અઢારમું શતક' એ વિષય પર સંશોધન કરી મહાનિબંધ લખવા બદલ મુંબઈ યુનિવર્સિટીએ તાજેતરમાં તેમને પી.એચ.ડી. ની પદવી એનાયત કરી છે. ડૉ.કલાબેન શાહના માર્ગદર્શન હેઠળ તેમણે આ મહાનિબંધ તૈયાર કરેલ છે.

**શંખેશ્વર મહાતીર્થનો છ'રી પાલક સંઘ :** પૂ. આ.શ્રી ગુણયશસૂરિજી મ.સા. તથા પૂ.આ.શ્રી કીર્તિયશસૂરિજી મ.સા. સહિત ૧૦૮ સાધુ - સાધ્વીજી ભગવંતોની શુભનિશ્રામાં વાંકલી નિવાસી સંઘવી પૃથ્વીરામજી ચિમનલાલજી કોઠારી પરિવાર દ્વારા શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલક સંઘનું આયોજન કરવામાં આવેલ. જેમાં દેશ-વિદેશથી આમંત્રિત અનેક મહાનુભાવો પધારતાં યાત્રિકોની સંખ્યા ૧૫૦૦ સુધી પહોંચેલ. મહા-સુદ પૂનમના રોજ સવારના સાત કલાકે માળારોપણની ક્રિયા પરમાત્માના રંગમંડપમાં નાણ સમક્ષ પૂ.સાધુ-સાધ્વીજી મ.સા. ની નિશ્રામાં કરવામાં આવી.

**સાબરમતી (અમદાવાદ) ખાતે ચાતુર્માસ :** પૂ. આ.શ્રી ગુણયશસૂરિજી મ.સા. પૂ.આ.શ્રી કીર્તિયશસૂરિજી મ.સા. આદિનું આગામી ચાતુર્માસ રામનગર, સાબરમતી જૈન ઉપાશ્રય ખાતે નક્કી કરવામાં આવતા. ચાતુર્માસ પ્રવેશ શાસન પ્રભાવના પૂર્વક સંપન્ન થયેલ છે.

**બાલી (રાજ.) અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવણી :** પૂ.આ.શ્રીમદ્‌વિજયનિત્યાનંદ સૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ - સાધ્વીજી મ.સા. ની શુભ નિશ્રામાં શ્રી લાવણ્ય જૈન પૌષધશાળા, અતિથિ ભવન, પરમ પ્રાચીન શ્રી સેસલી પાર્શ્વનાથ જૈન તીર્થમાં અનેક નવનિર્મિત ભવન આદિનું પરમાત્મ ભક્તિ સ્વરૂપ અષ્ટાન્હિકા મહા મહોત્સવ ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન તેમજ ભવ્ય સંક્રાતિ સમારોહના ઉજવણી તા.૭-૫-૦૬ થી તા.૧૫-૫-૦૬ દરમ્યાન કરવામાં આવેલ.

**થાણા - ટેંભીનાકા ખાતે ઓળીની પૂર્ણાહૂતિ :** પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ.પં.શ્રી યુગચંદ્રજીવિજયજી મ.સા. આદિની શુભ નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી ઓળીની આરાધનામાં ૨૭૫ તપસ્વીઓએ લાભ લીધો હતો. પાંચ દિવસ માટે જૈન શાસનનાં પ્રાણ સમા શ્રુતજ્ઞાનનું દર્શન - શ્રુત મહાપૂજાનું આયોજન ગોઠવવામાં આવેલ.

**પિંડવાડા (રાજ.) ઓળીની આરાધના સંપન્ન :** પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા., પૂ.પં.શ્રી કલ્યાણબોધિવિજયજી મ.સા. આદિ સાધુ - સાધ્વીજીની શુભ નિશ્રામાં નવપદજી ઓળીની શાનદાર આરાધના થઈ હતી. જેનો સંપૂર્ણ લાભ શા. સમરથમલજી દાનમલજી ગાંધી પરિવારે લીધેલ. અહિંની શેરીઓમાં વસતા ૪૦૦ થી ૫૦૦ કુતરાઓને રોજ દૂધ - ખાખરા - રોટલા આપવાનું સુંદર કાર્ય કાયમી ધોરણે પૂજ્યશ્રીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલ.

**ભટાર રોડ (સુરત) ખાતે પંચ કલ્યાણક મહોત્સવની ઉજવણી :** અત્રે શ્રી આનંદદાયક વાસુપુજ્યસ્વામી જૈન શ્વે. મૂ.પૂ. સંઘના ઉપક્રમે તા.૨૩ એપ્રીલથી વાસુપૂજ્ય જિનાલય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિજી મ.સા., પૂ.પં.શ્રી પુણ્યરત્નવિજયજી આદિ સાધુ-સાધ્વીજી મ.સા. ની શુભ નિશ્રામાં ઉજવાયેલ. તા.૨૬ એપ્રીલના સુરતના ચારેય ફિરકાના અગ્રણીઓની સન્માન વિધિ, તા.૨૮મીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચ કલ્યાણક ઉત્સવની ઉજવણી વિગેરે વિવિધ કાર્યો શાસન પ્રભાવના પૂર્વક ઉજવવામાં આવેલ.

તા.૯ મે ના રોજ સમસ્ત સુરત શહેરના જૈન સંઘો દ્વારા ભ. મહાવીરનો શાસન સ્થાપના ૨૫૬૪ માં વર્ષ પ્રસંગે શાસન ગીત ગાન, ૧૧ ગણધરોના દેવવંદન, તમામ જિનાલયોનાં પ્રાંગણમાં એક સાથે ઘંટનાદ, સમુહ આરતી આદિ દ્વારા શાસન સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવેલ. તા. ૧૮ થી ૨૮ મે રાંદેર રોડમાં યુવા સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવેલ.

**લૂનકરણસર (બીકાનેર - રાજ.) :** પ્રવર્તક પ્રવર શ્રી જયાનંદવિજયજી મ.સા. તથા મુનિપ્રવરશ્રી દિવ્યાનંદવિજયજી આદિની શુભ નિશ્રામાં શ્રી સુપાર્શ્વનાથ જૈન મંદિરનું ભૂમિપૂજન તથા શિલાન્યાસ પ્રસંગે તા.૭-૫-૦૬ થી તા.૧૪-૫-૦૬ દરમ્યાન રત્નત્રયી મહોત્સવે સંક્રાંતિ સમારોહ તથા ભવ્યનગર પ્રવેશના શાસન પ્રભાવક કાર્યોની શાનદાર ઉજવણી કરવામાં આવેલ.

**શ્રી નવકાર સારવાર કેન્દ્ર :** કેન્દ્ર દ્વારા અમદાવાદ સહિત ૮૭ ગામોના ઉપાશ્રયમાં રૂબરૂ જઈ તથા શિબિર દ્વારા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને શારિરીક નિદાન કરી આયુર્વેદિક ઔષધો વહોરાવવાનું પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું છે. એક વર્ષ દરમ્યાન કુલ ૧૮, ૧૩૨ પૂ. સાધુ - સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ ભક્તિનો લાભ મેળવેલ છે. આ ઉપરાંત ગુજરાતની ૧૫૫ પાંજરાપોળમાંથી જરૂરિયાતવાળી પાંજરાપોળમાં વેટરનીટી ડોકટરોની ટીમ સાથે કાર્યકર્તાઓએ રૂબરૂ જઈ પશુઓની જરૂરી સારવાર, રસી, ઓપરેશન વગેરે જીવદયાની સ્તુત્ય પ્રવૃત્તિઓ પણ કરેલ છે. શ્રી નવકાર સારવાર કેન્દ્ર, અમદાવાદની જીવદયા તથા વૈયાવચ્ચની નિઃસ્વાર્થ પ્રવૃત્તિઓની 'શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર અનુમોદના કરે છે.

**શત્રુંજય મહાતીર્થ પરના આદિશ્વર ભ. ના જિનાલયની ૪૭૫મી વર્ષગાંઠ :** શત્રુંજય ગિરિરાજ પરની મુખ્ય ટુંકમાં બિરાજમાન પ્રથમ તીર્થંકર પરમાત્મા. શ્રી આદિશ્વર ભગવાનના જિનાલયની ૪૭૫મી વર્ષગાંઠ ગત તા.૧૯-૫-૦૬ ને શુક્રવારના રોજ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવાઈ.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા આ દિવસે શરણાઈ વાદન, પૂજા, રથયાત્રા, ધજા રોહણ, શણગાર, જય તળેટી પર રોશની, રંગોળી, કુમારપાળ મહારાજાની ૧૦૮ દીવાની આરતી તથા સ્વામીવાત્સલ્યના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ દિવસે દેશભરમાંથી મોટી સંખ્યામાં યાત્રીકો આવેલ. આમ, શાસનપ્રભાવના પૂર્વક દરેક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

**સમસ્ત વણિક સમાજની મીટીંગ યોજાઈ :** વિશ્વ વણિક સામાજીક સંગઠન અને સમસ્ત વણિક સમાજની સંયુકત મિટીંગ દશાશ્રીમાળી મેશ્રી વણિક જ્ઞાતિની વાડીમાં મળી હતી. જેમાં વણિક જ્ઞાતિના જુદા -જુદા ફીરકાઓના પ્રમુખ-મંત્રીઓ તેમજ અગ્રણીઓ હાજર રહ્યાં હતા. તેમજ યુવક - યુવતી પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

**શ્રી વીરચંદ રાઘવજી ગાંધી (શિષ્યવૃત્તિ) સ્કોલરશીપ :** શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકાના શિકાગો શહેર ખાતે ૧૯૮૩માં યોજાયેલ સર્વપ્રથમ વિશ્વધર્મ પરિષદમાં પ્રતિનિધી તરીકે ઉપસ્થિત રહી ભ. મહાવીરના પ્રેમ, વાત્સલ્ય, મૈત્રી તથા કરૂણાનો સંદેશો પાશ્ચાત્ય દેશોને આપ્યો હતો. તેમની સ્મૃતિમાં અમેરિકાની જાણીતી સંસ્થા 'જૈના'એ માત્ર જૈન ધર્મમાં ઉચ્ચ અભ્યાસ કરનાર માટે સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) જાહેર કરી છે.

જૈન ધર્મ - દર્શન, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ઈતિહાસ, આગમ, ભાષા વગેરેમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ સાધુ - સાધ્વીજીઓને (M.A., M.Phil, Ph.D.) આ સ્કોલરશીપ આપવામાં આવશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ ધરાવતા વિદ્યાર્થીઓએ www.jaina.org/vrg.committee પરથી એપ્લીકેશન ફોર્મ ડાઉનલોડ કરી, સંપુર્ણ વિગતો સચોટ રીતે ભરી, વિષયનો ઉલ્લેખ, યુનિવર્સિટી/ઈન્સ્ટીટ્યુટના વડાની સહી તથા સ્ટેમ્પ સાથે તા.૩૧ જુલાઈ -૦૬ પહેલા નીચેના સરનામે અરજી મોકલી આપવી. શ્રીમતી રક્ષા જીતેન્દ્ર શાહ, ૭૧-બી/૧, આદર્શ બિલ્ડીંગ, સરસ્વતી રોડ, સાન્તાક્રુઝ (પશ્ચિમ) મુંબઈ - ૫૪ ટે.નં. ૨૬૪૯૦૧૬૪.
ડો. ગુલાબ દેઢીયા - ૨૬૨૪૦૦૨૦, ડો. નિલેશ દલાલ - ૨૫૧૨૭૬૭૩, શ્રી નિરંજન શાહ - ૨૨૮૧૧૬૬૦

**નાસીક થી સમ્મેતશિખરજી તીર્થનો છ'રી પાલિત યાત્રા સંઘ :** પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજય જગવલ્લભસૂરિજી મ.સા. આદિ ૧૦૦ જેટલા પૂ.સાધુ - સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં ૩૦૦ યાત્રિકોનો છ'રી પાલિત યાત્રા સંઘ ગત તા. ૧૯ ડીસે. ૦૫ થી વિવિધ સ્થળોએ શાસન પ્રભાવના સહ આગળ વધી તા.૮ જુન - ૦૬ના રોજ સમ્મેતશિખરજી પહોંચ્યો. અહિં ૮૫ દાનવીરોનું સંઘમાળ પહેરાવી બહુમાન કરવામાં આવેલ. પ્રાચીન પરંપરા મુજબ કેવળ ભક્તિભાવથી હસતા મુખે કષ્ટો સહન કરતાં કરતાં આવી તીર્થયાત્રાનો મહિમા અદકેરો હોય છે. આવા સેંકડો પુણ્યશાળીઓના દર્શન ૮ જુને શ્રી સમ્મેતશિખરજી તીર્થમાં જોવા મળેલ.

**શ્રી શ્વે. મૂ. પૂ. જૈન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય :** શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના ફંડોમાંથી ધો. ૧૦ પછીના ડીપ્લોમાં તથા સ્થાનક સુધીના અભ્યાસક્રમો માટેની શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં સહાયરૂપ થવા પૂરક રકમની સહાય આપવામાં આવે છે. જરૂરિયાતમંદોને નીચેના સરનામેથી ૧ લી જુનથી અરજી પત્રક મળશે. અરજીપત્રક માટે રૂા. ૫/- ની સ્ટેમ્પવાળું જવાબી કવર મોકલવું. જવાબી કવર ઉપર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીનું સરનામું લખવું.

અરજી પત્રકો સ્વીકારવાની છેલ્લી તા.૩૧-૭-૦૬ છે.

સરનામું : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ૫૦/૫૪, ઓગષ્ટક્રાંતિ માર્ગ, મુંબઈ - ૩૬.

## જૈન તીર્થ પરિચય

**મહાવીર પૂરમ :-** રાજકોટથી ૩૮ કિ.મી. દૂર પચીસ એકરમાં નિર્માણ થયેલ મહાવીરપૂરમ જૈન મહાતીર્થમાં ભ.મહાવીર સ્વામી, અન્ય તીર્થંકર ભગવંતો તથા મણિભદ્રવીરની દિવ્ય પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આ ઉપરાંત વિશ્વમાં પ્રથમ વખત જ મહાવીર સ્વામીના માતુશ્રી ત્રિશલાદેવની દિવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાઈ છે. અહીં જમીનથી ૧૦૮ ફૂટ ઉંચે જિનાલય બન્યું છે. તેમાં રંગમંડપ, ચાર ઘુમ્મટ, ૭૨ સ્તંભ અને ૧૦૮ તોરણ છે. જૈનોના ચોવીસ તીર્થંકર ભગવંતો છે. એટલે ૨૪ પગથીયા બનાવાયા છે. આ દેરાસરની બીજી ખાસ વાત એ છે કે આ દેરાસર ચોવીસે કલાક દર્શનાથે ખૂલ્લુ રહેશે. આ દેરાસરમાં કયાંય તાળા મારવામાં નહીં આવે. દેરાસરમાં કાચનો દરવાજો મુકવામાં આવશે. આ તીર્થધામમાં પ્રવેશતા જ ૪૨ ફૂટ ઊંચી મહાવીરસ્વામીની મૂર્તિ છે. તેની આસપાસ બગીચો બનાવાઈ રહ્યો છે. આ સંકુલમાં એક દવાખાનું, ઉપાશ્રય અને ભોજનશાળા પણ છે.

**નાગેશ્વર પાર્શ્વનાથ :-** રાજકોટ - જામનગર રોડ પર ઘંટેશ્વરમાં આવેલ નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય દર્શનિય સ્થળ છે. ૮૧ ફુટ ઊંચા શિખરવાળા આ શ્રદ્ધાધામમાં ઉપાશ્રયો, ભોજનશાળા, ગૌશાળા, ધર્મશાળા તથા ૨૫૦૦ વાર જમીનમાં બગીચાનું નિર્માણ કરાયું છે. અહીં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુની નીલવર્ણની સાડા તેર ફુટ ઉંચી પ્રતિમા છે. વિશ્વમાં આવી પ્રતિમા પ્રથમ છે. આ ઉપરાંત અહીં નેમીનાથ પ્રભુ, શ્રી મુનિ સુવ્રત સ્વામી પ્રભુ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ, શ્રી પદ્માવતી દેવી, શ્રી મણિભદ્રવીર, શ્રી ઘંટાકર્ણ મહાવી દેવ, મરગજરત્ન તેમજ ક્ષેત્રપાલની મૂર્તિઓ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તીર્થ સ્થાનનું મહાત્મય

તીર્થનું સ્થાન એ ધર્મીઓ માટે એક નિવૃત્તિનું ખરેખરૂં સાધન છે. તીર્થભૂમિનું વાતાવરણ ઘણું જ પવિત્ર હોય છે. તે ભૂમિ અનેક ગુરૂ ભગવંતોના પાદસ્પર્શથી પુનિત હોય છે. તે સ્થળોમાં અનેક મહાત્માઓનો તેમજ અન્ય ધર્માત્માઓના સહવાસનો પણ અપૂર્વ લાભ મળી શકે છે, તેઓના સહવાસથી ધર્મભાવના પણ અધિક પ્રમાણમાં જાગ્રત થાય છે. તે સ્થાનમાં એવી ઉત્તમ સામગ્રીઓનો સદ્‌ભાવ હોવાથી અંતઃકરણની નિર્મળતા પરિણામની વિશુદ્ધિ - ભાવની વૃદ્ધિ શીઘ્ર થઈ શકે છે. ખરેખર તે સ્થાન ધર્માત્માઓ માટે તો અત્યંત ઉપકારી છે. આ સ્થાન ખરેખર ઉદારતા, સદાચારિતા અને સહિષ્ણુતાની સંપ્રાપ્તિ માટે અસાધારણ સાધન છે. યાત્રિકોનું તીર્થ સ્થાનમાં આગમન પોતાની સુલક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરવા અનેક પ્રકારે તપોનુંષ્ઠાન કરવા અને જિંદગીની સફળતા મેળવવા માટે જ હોય છે, એટલે ત્યાં તેઓની ચિત્તવૃત્તિ પ્રાયઃ ઉદાર જ હોય છે, તેના પ્રભાવે તેમના અંતઃકરણમાં તેમના અંતરંગ શત્રુઓ જેવા કે કામ, ક્રોધ, માન, માયા, લોભ વિગેરે મંદ પડી જાય છે. કેટલીક વખત તે સ્થાનનો પ્રભાવ જિંદગીભર ટકી રહે છે. સારીયે જિંદગી નિવૃત્તિમય બની જાય છે. પ્રવૃત્તિઓમાં પડવા અંતર ના પાડે છે, પ્રવૃત્તિ રૂચિકર થતી નથી. સંસાર પ્રત્યે સાચો વિરાગ આવી જાય છે. ભલે કદાચ જિંદગીભરને માટે તો તેમ ન બને પરંતુ તેટલો સમય તો જરૂર ધર્માત્માઓને, આત્મિકગુણોને ખીલવવામાં અને પૌદ્ગલિક વાસનાને હટાવી આત્મભાવનાને જાગ્રત કરવામાં સહાયરૂપ થઈ પડે છે, કારણ કે તે સ્થાનોમાં પ્રાયઃ દરેક વસ્તુઓની પ્રાપ્તિ થઈ શકે છે. દરેક ઈન્દ્રિયોના શુભ ભાવો ત્યાં મોજૂદ હોય છે. અંતરમાં અવાર - નવાર તેના તે જ શુભ વિષયો ઉપસ્થિત થયા કરે છે, તેના પરિણામે મન રાત્રિ અને દિવસ બેસતા કે ઉઠતા, ખાતા કે પીતા તેમાં જ મશગુલ હોય છે એટલે નાથ (સેનાધિપતિ) વિનાના સૈન્યની માફક અને માતા વિનાના બાળકની માફક ઈન્દ્રિયો રાંક જેવી બની જાય છે, તેથી તેની પાસે ધારેલી ધારણાઓ ખુશી સાથે પાર પાડી શકાય છે. ઈન્દ્રિયો સ્વછંદી છતાં પણ અંતઃકરણ આગળ તે સિધિદોર જેવી છે, જેની આગળ તેનું કંઈ પણ ચાલતું નથી. મનની પ્રવૃત્તિઓ જે શુભભાવોમાં હોય છે તે ભાવોમાં ઈન્દ્રિયોને પણ જોડાવું પડે છે. માટે જ માનસિક વિશુદ્ધિ ઈન્દ્રિયોના વ્યાપારને વિશુદ્ધ બનાવનાર છે અને આપણે ઉપર જણાવ્યા મુજબ મનની વિશુદ્ધિ માટે તે સ્થાન અત્યંત ઉપકારક છે. માટે જ તે સ્થાનો અર્નિવચનીય છે એમ આપણા આગમવેત્તાઓ કહી ગયા છે અને કહી રહ્યાં છે, અને તેનો વાસ્તવિક અનુભવ પણ ધર્મના રહસ્યને સમજનારાઓ કરી રહ્યાં છે. આવું અનેરૂ અને અનુકરણીય તીર્થ સ્થાનનું મહાત્મય દરેક ધર્માત્માઓના તન - મન - અને ધનને સ્પર્શે તેવી શુભભાવના.

સંકલન : મુકેશ સરવૈયા - ભાવનગર.

# સહેલું કામ : બીજાની ભૂલો કાઢવી

બીજાની ભૂલો કાઢવી તે બહુ જ સહેલું કામ છે કે જે મૂર્ખમાં મૂર્ખ માણસ પણ કરી શકે છે; પરંતુ ભૂલો ન કરવી તે ઘણું જ કઠણ કામ છે કે જેને કહેવાતા વિદ્વાનો પણ કરી શકતા નથી અને ગોથા ખાધા કરે છે. જ્ઞાની પુરૂષોને પણ ભૂલ ન કરવાં હંમેશા અપ્રમાદી - સાવધાન રહેવું પડે છે; તો પછી વિષયાસકત પામર જીવોનું તો કહેવું જ શું ? પોતાને માટે અથવા તો પરના માટે, સારું હોય કે નરસુ હોય પણ જે કાર્ય કરો તે પહેલાં આટલું જરૂર યાદ રાખવું કે આ જે કાંઈ હું કરું છું તે મારા માટે જ છે પણ બીજાને માટે નથી. આ કાર્યના સારા અથવા તો નરસા પરિણામના ફળનો ભોગી હું જ છું. તેમાં બીજાને કાંઈ પણ લેવા દેવા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મમતાનાં પડદા પાછળ !

આ.શ્રીમદ્ વિજયકીર્તિયશસૂરિજી મ.સા.

સ્વજન, સંપત્તિની મમતા કેવી હોય છે, એના આ નમૂના સંસારમાં જોવા જવું પડે તેવું નથી. તેમ એવું નહિ માનતા કે આવી મમતા તમારામાં તો નથી જ, મમતાની લાગણીઓ અંદર ધરબાઈને બેઠી હોય છે. એવી કેટલીક લાગણીઓનો તો અવસર આવે ત્યારે જ ખ્યાલ આવે છે.

એક સંન્યાસી હતા, એ એમની રીતે સૌને સંસારનું સ્વરૂપ, સંબંધોની અસારતા અને વૈરાગ્યની વાતો સમજાવતા હતા. 'કોઈ-કોઈનું નથી, સૌ સ્વાર્થના સગા છે. કોઈને પણ પોતાના માનવા અને એની ખાતર આ માનવભવ વેડફી નાંખવો તે જરાય યોગ્ય નથી. સૌ કોઈએ પુત્ર, પત્ની, પરિવાર-સ્વજનની મમતા છોડી આત્મસાધનામાં લાગી જવું જોઈએ તો જ આ માનવ જીવન સાર્થક બનશે, નહિ તો નિરર્થક જશે' - આ સાંભળીને તે સભામાં બેઠેલો એક યુવાન ઉભો થયો. એણે જરા આક્રોશથી કહ્યું કે 'સન્યાસીજી ! આપ, આપની વાત આપની પાસે રાખો. એ બીજા માટે હશે, પણ મારી પત્ની તો મારા ઉપર એટલી બધી પ્રેમાળ છે કે, તે મારા વગર જીવી જ ન શકે. મારૂં મડદું પડે તો એનું ય મડદું પડે. અમારાં ખોળીયા બે છે પણ જીવ તો અમારા બેયનો એક જ છે. શું મારે સંસાર ત્યાગીને એની હત્યાનું પાપ વહોરવું ?

સન્યાસીજીએ હળવાશથી એને સમજાવતાં કહ્યું કે 'ભાઈ, આ તારો ભ્રમ છે.' મોટા ભાગના લોકોનો સંસાર આવા ભ્રમથી જ ચાલે છે. જો એ ભ્રમ તૂટે તો સંસાર છોડવો અને તોડવો બેય આસાન બની જાય.

યુવાને કહ્યું કે 'વગર અનુભવની વાતો માનવી એ મૂર્ખાઈ છે.'

'હું તને અનુભવ કરાવું તો પછી માને ?' 'અનુભવ કરાવો તો જરૂર માનું !' યુવાનનો આ ઉત્તર સાંભળી સંન્યાસીજીએ કહ્યું કે 'પંદર જ દિવસમાં તને એક વિશેષ પ્રયોગ દ્વારા ખાતરી કરાવી આપું ત્યાર પછી તો માનશે ને ?' એણે હા પાડી અને એ માટે એક યોજના નક્કી કરી અને એ યોજનાના ભાગરૂપે સંન્યાસીજીએ એને પ્રાણાયામ શીખવાડી દીધો અને શું શું કરવાનું, એ બધું તેને સમજાવી દીધું.

એકવાર ઘરમાં સામાન્ય વાતાવરણમાં જ એ યુવાન પોતાની પત્ની સાથે વાતચીત કરતો હતો. એમાં એકાએક એ પછડાઈ પડ્યો. એના મોઢામાં ફીણ આવવા લાગ્યું. નાડીના ધબકારા ઘટવા લાગ્યા અને ધીમે ધીમે હૃદયના ધબકારાં પણ બંધ થયા. આ જોઈને એની યુવાન પત્ની એકદમ ગભરાઈ ગઈ. એણે એને બોલવવાનો, ઢંઢોળવાનો બહુ જ પ્રયત્ન કર્યો, પણ પરિણામ કાંઈ ન આવ્યું. એને થયું કે આ તો ગયો, હવે શું કરવું ? તરત જ એણે ભાવિનું આયોજન વિચારી લીધું અને સ્વસ્થ થઈ - દરવાજે ગઈ - બહાર જોઈ લીધું, કોઈ નથી. તરત જ એણે ઘરનો દરવાજો અંદરથી બંધ કર્યો અને ઘરમાં જે કાંઈ સગેવગે કરવાનું હતું તે કરી લીધું. એ પછી એને થયું કે હમણાં બધા સગા-વહાલાં ભેગા થઈ જશે અને ન જાણે કયાં સુધી આ રોવા-કકળવાનું ચાલશે. નહિ તો હું ખાવાની રહીશ કે નહિ તો પીવાની રહીશ. આમેય એ બધાં સાથે રીત - રિવાજ મુજબ રડવું પણ પડશે. વગર તાકાતે આ બધું રડાશે ય શી રીતે ? એમ વિચારીને એણે આ બધું ચાલે ત્યાં સુધી ટકી શકાય તે માટે અત્તરવાયણું કરવાનું નક્કી કરી લીધું અને એ સીધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ પહોંચી રસોડામાં ઝડપથી ચોખ્ખા ગોળ-ઘીનો શીરો બનાવીને પેટ ભરી લીધું અને ટાઢું બોળ પાણી પીને ગળું પણ ભીનું કરી લીધું. આ પછી એણે ઘરનો દરવાજો ખોલીને મોટી રાડ પાડીને જેવાં બધાં ભેગાં થયાં કે તરત જ પોતાના ધણી ઉપર પડતું મૂક્યું અને મોટેથી રોવાનું ચાલુ કર્યું? 'મને આમ અધવચ્ચે મૂકીને ક્યાં ચાલ્યા ગયા ? હું તમારા વગર ઘડીભર નહિ જીવી શકું. આપણે જીવન-મરણના કોલ આપ્યા હતા. એ તે તમે કેમ તોડી નાંખ્યા ? આ જોઈ સ્વજનો એને છૂટી કરવાનો, ઉઠાડવાનો પ્રયત્ન કરે છે, તો આ કહે છે કે 'હવે તો મારે સતી જ થવું છે. એમના માથાને ખોળામાં લઈને ચિતા ઉપર ચડવું છે, જલ્દી કરો, નહિ તો મારે ને એમને ખૂબ છેટું થઈ જશે. એમને મારા વગર નહિ ફાવે અને હું પણ એમના વગર હવે નહિ જીવી શકું.'

સ્વજનોએ બહુ જ સમજાવી ને એને શાંત કરી, છૂટી પાડી તો દીવાલના ટેકે માથું ઢાળીને રોવા લાગી અને એની સાથેના ભૂતકાળનાં પ્રેમનાં ગાણાં ગાવા લાગી.

આ તરફ સ્વજનોએ હવે યુવાનને લઈ જવાની તૈયારી કરવા માંડી. એ માટેની ઠાઠડી પણ તૈયાર થઈ ગઈ. યુવાનને ત્યાંથી ઉઠાવી ઠાઠડી ઉપર ગોઠવવા બધાએ ઉપાડ્યો પણ એના પગની આંટી એ જ્યાં પડ્યો હતો, તેની બાજુના થાંભલામાં પડી ગઈ હતી. પગની આંટી એટલી મજબૂત હતી કે છૂટી થઈ નહિ. શરીર એકદમ લાકડા જેવું થઈ ગયું હતું. જે થાંભલામાં પગની આંટી પડી ગઈ હતી, લાકડાનો તે થાંભલો સુંદર ઝીણામાં ઝીણી કારીગરીવાળો હતો એમાં કોઈએ કહ્યું 'ભાઈ, સુથારને બોલાવો અને આ થાંભલો કાપો.' સુથાર આવી ગયો અને થાંભલાને કાપવા જ્યારે એણે કરવત હાથમાં લીધી કે તરત જ એ યુવાનની પત્ની રોતાં રોતાં બોલી કે 'થાંભલો બનાવનારો ગયો ! હવે થાંભલો કાપશો તો પછી થાંભલો કરાવશે કોણ ? પગ તો આમેય બાળવાના જ છે, તો પગ જ કાપોને ?' આ સાંભળતાં મરેલ તરીકે જાહેર થયેલા આ યુવાનને થયું કે હવે જો વધારે રાહ જોવા જઈશ તો પગ કપાઈ જશે. એટલે એણે ધીમે ધીમે શ્વાસની પ્રક્રિયા ચાલુ કરી હૃદયના ધબકારા ચાલુ કર્યા. કળ વળીને ધીમેથી આળસ મરડીને ઉભો થયો. જાણે કશું જાણતો જ નથી એ રીતે એણે પૂછયું કે 'બધા કેમ ભેગા થયા છો ?' બધાએ કહ્યું 'તું તો મરી ગયો હતો ! પણ તું ભાગ્યશાળી કે આવી સતી સ્ત્રી તને પત્ની તરીકે મળી, એના પ્રભાવે તારા પ્રાણ પાછા આવ્યા' અને બધા ધીમે ધીમે વિખરાઈને ઘરે ગયા. એ પછી તો ઓલીએ પણ નાટક કરવાનું ચાલુ કર્યું. 'હું તો તમારી પાછળ સતી થવાની હતી...'

ત્યારે આ યુવાને કહ્યું કે 'આ બધું નાટક રહેવા દે.' મેં તારૂં બધું જ નાટક મારી સગી આંખે જોયું છે. તારે મારી પાછળ સતી જ થવું હતું તો મારા મર્યા પછી શીરો બનાવીને શું કામ ખાધો ? જે કાંઈ સગેવગે કર્યું, એ પણ સાંભળજે અને ઘર અને થાંભલાને પણ સંભાળજે. હું તો આ ચાલ્યો. ઉપકાર એ સંન્યાસીજીનો છે કે જેણે મારી આંખ ઉઘાડી અને મને આ સંસાર જેવો છે તેવો ઓળખાવ્યો,

એ યુવાનને સ્ત્રીરૂપે બંધન ઓળખાયું તો એ ચાલી નીકળ્યો. તમને ક્યારે ઓળખાશે ?

## મહાંધ અને મહાન

જેટલી જરૂરિયાત છે તેની કરતાંય વધુ ધન હોવા છતાં જે સત્ક્ષેત્રે ધન વાપરતાં નથી, તે મહાંધ થાય છે. અને જરૂરિયાત કરતાં વધી ગયેલા ધનને યોગ્ય ક્ષેત્રે વાપરી જાણે તે મહાન થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ધર્મ જગતને ઉચ્ચતર જીવન જીવવાનો માર્ગ દર્શાવ્યો છે

## બ્રિટિશ લાઈબ્રેરીના ત્રણ વોલ્યૂમનું વડાપ્રધાનશ્રી મનમોહનસિંહના હસ્તે વિમોચન

તાજેતરમાં નવી દિલ્હી વિજ્ઞાન ભવનમાં દેશ અને વિદેશના અગ્રણીઓ, રાજદૂતો, જૈન વિદ્વાનો અને રાજપુરૂષોની ઉપસ્થિતિમાં બ્રિટીશ લાઈબ્રેરીમાં રહેલી જૈન હસ્તપ્રતોના ત્રણ ગ્રંથોનું વિમોચન કરતાં વડાપ્રધાનશ્રી મનમોહનસિંહે જણાવ્યું કે ભારત જ્ઞાનસમૃદ્ધિનો ભંડાર છે. વિપુલ પ્રમાણમાં પ્રાચીન હસ્તપ્રતો ભારતના વારસામાં સંગ્રહાયેલી છે. જે આપણને જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારવામાં મદદરૂપ છે. આ વારસામાં જૈન ધર્મની હસ્તપ્રતો આપણા સૌના માટે ગૌરવ લેવા જેવો ખજાનો છે. આજે આવી હસ્તપ્રતનું સૂચિકરણ કરેલા ત્રણ વોલ્યૂમનું વિમોચન કરતાં હું ગૌરવની અને હર્ષની લાગણી અનુભવું છું.

વડાપ્રધાન શ્રી ડૉ. મનમોહનસિંહે વધુમાં જણાવ્યું કે જૈન ધર્મે ઉચ્ચતર જીવન જીવવાનો માર્ગ બતાવ્યો છે તેમજ અહિંસાની કેડીએ આપણને દોર્યા છે. જીવન અને કુદરતનો રસાસ્વાદ માણવાનું આપણને જૈન ધર્મે શીખવાડયું છે. ભારતીય પરંપરામાં એનું આગવું અને અમૂલ્ય યોગદાન છે.

બ્રિટીશ લાઈબ્રેરીમાં રહેલી જૈન હસ્તપ્રતોનું સંશોધન કાર્ય કરનાર નલિની બલબીરે આ હસ્તપ્રતોમાં વ્યાકરણ, શબ્દશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર ગ્રંથો હોવાની વાત કરી હતી. વિખ્યાત સંશોધક સ્વ. ચંદ્રભાલ ત્રિપાઠીનું સ્મરણ કરીને એમણે ડૉ.કનુભાઈ શેઠ અને શ્રીમતી કલ્પનાબેન શેઠના મૂલ્યવાન સહયોગની વાત કરી હતી. ભારત અને બ્રિટનના સંયુકત સહયોગથી થયેલા આ કાર્ય બાદ હવે પછી બ્રિટનના, ઓકસફર્ડ યુનિવર્સિટી અને વિકટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ વગેરે સંસ્થાઓમાં રહેલી જૈન હસ્તપ્રતોના ભાવિ સંશોધન કાર્યનો ઉલ્લેખ કર્યો હતો.

૨૭મી મે એ યોજાયેલા કાર્યક્રમની શરૂઆતમાં ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના અધ્યક્ષ શ્રી રતિભાઈ ચંદરયાએ સ્વાગત કર્યું હતું અને આ ભગીરથ કાર્ય માટે શ્રી નેમુભાઈ ચંદરયા અને પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈ તેમજ ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના ભારત અને ઈંગ્લેન્ડના કાર્યકરોનો આભાર માન્યો હતો. ઈન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજીના એજયુકેશન ડાયરેકટર શ્રી મેહૂલ સંઘરાજકાએ કલા, સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે સંસ્થાની બ્રિટનમાં ચાલતી પ્રવૃત્તિઓ પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન દ્વારા દર્શાવી હતી અને શ્રી હર્ષદભાઈ સંઘરાજકાએ આભારવિધિ કરી હતી.

આ કાર્યને પરિણામે વિદેશમાં રહેલો જૈન હસ્તપ્રતોનો અમૂલ્ય વારસો સંશોધકોને ઉપલબ્ધ કરાવવાનો તેમજ ડીજીટાઈઝેશન દ્વારા નવી પેઢી સુધી પહોંચાડવાના ઈન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજીના વિશિષ્ટ અભિગમે જૈન વિદ્યા અંગે એક નવું વાતાવરણ ઊભું કર્યું છે.

# સતત ૮૬૪૦ એકાસણાના તપસ્વી

મુંબઈ માટુંગાના મફતલાલ દેવશીભાઈ શાહ (વિ.સં.૨૦૬૧) ઉ.વ.૯૦ એમને સતત સળંગ ૨૪ વર્ષથી નિત્ય એકાસણાનો તપ ચાલે છે, ૨૪ × ૩૬૦ = ૮૬૪૦ એકાસણા થયા. તપની સાથે ત્યાગ પણ એવો જ. એમને મીઠાઈ, (કેળા સિવાય)ના ફ્રૂટસ, કડા વિગઈ, ચટણી, અથાણું, પાપડ, કચુંબરની બાધા છે. ધન્ય ! ધન્ય !

: પં.શ્રી ગુણસુંદર વિજયજીગણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમૃતથી ય મીઠું મોત !

લેખક: શ્રી લક્ષ્મીચંદ છ. સંઘવી

વારથી ડરે એ વીર નથી.

કુરબાનીમાં પીછેહઠ કરનાર સિપાઈ નથી.

દક્ષિણમાં છત્રપતિ શિવાજી મહારાજે ઔરંગઝેબની સત્તાને પડકારી હતી, તો પંજાબમાં શીખગુરૂ ગોવિંદસિંહે ફનાગીરીનો મંત્ર ભણાવીને શીખોને, ઔરંગઝેબની સત્તા સામે લડવા સજ્જ કર્યા હતા.

ઔરંગઝેબની સેનાનું ભારે ખુવારીથી ધોવાણ થઈ રહ્યું હતું. તેથી ઉશ્કેરાયેલા ઔરંગઝેબે ગુરૂ ગોવિંદસિંહના નિવાસસ્થાન આનંદપુર ગઢને ઘેરો ઘાલ્યો હતો. ઔરંગઝેબની, વિશાળા સાગર સમી સેના વારંવાર આનંદપુરના ગઢ ઉપર આક્રમણ કરતી હતી, પણ મોટા ખડક સાથે અફળાઈને સાગરનાં મોજાં પાછાં પડે એમ ઔરંગઝેબની સેના પાછી પડતી હતી. મુઠ્ઠીભર શીખો પૂરી વીરતાથી મોગલ સૈન્ય સામે ટકરાતા હતા.

ઔરંગઝેબના મોગલ સૈન્યે આનંદપુરગઢને એક મહિના સુધી જબરજસ્ત ભરડો દઈને શીખોને ખૂબ પજવ્યા. ગઢની અંદર ખોરાકનો પુરવઠો ખતમ થઈ ગયો તેથી શીખ સૈનિકોની તાકાત તૂટવા લાગી. બળતામાં ઘી હોમવાનું કામ શિયાળાની કાતિલ ઠંડીએ કર્યું. શીખસેના મૂઝાંઈ ગઈ અને મોગલ સેનાએ આ તક ઝડપીને પોતાનું આક્રમણ પ્રબળ કર્યું.

કાતિલ ઠંડીથી હાથ ધ્રુજતા હોય ત્યારે ભૂખ્યા પેટે, શત્રુ સામે ટકવું શી રીતે ?

કેટલાક શીખ-સૈનિકોએ વિચાર કર્યો કે, સર સલામત તો પઘડિયાં બહોત ! જો દુર્ગની રક્ષામાં આપણે સહુ વિરગતિ પામશું તો પછી શત્રુઓનો વિજય નિશ્ચિત બની જશે. એનાં કરતાં કોઈ ગુપ્ત માર્ગે ગઢની બહાર ભાગી જવું સારૂ. જીવતા હોઈશું તો આનંદપુર ઉપર ફરીથી કબજો કરી શકાશે. પણ અત્યારે યુદ્ધ કરીશું તો કેવળ સર્વનાશ જ થશે !

હતાશ થયેલા ચાલીસ શીખસૈનિકોએ ગુપ્ત માર્ગે આનંદપુર ગઢની બહાર સલામતરૂપે નીકળી જવાનો વિચાર તો કર્યો, પણ હવે શીખગુરૂ ગોવિંદસિંહ પાસે જઈને વાત શી રીતે કરવી ?કાયરની જેમ પીછેહઠ કરવાની અનુમતિ ગુરૂ પાસે જઈને કોણ માગે ?

છતાં, અન્ય કોઈ વિકલ્પ નહોતો.

છેવટે ચાલીસ શીખસૈનિકો ક્ષોભપૂર્વક ગુરૂ ગોવિંદસિંહ સમક્ષ ઉપસ્થિત થયા અને બોલ્યા :

"ગુરૂજી!અમે આપની પાસે એક અનુમતિ લેવા માટે આવ્યા છીએ...!

"બિરાદરો ! તમારી જવામર્દી હું જાણું છું. મોગલ સૈન્ય સામે કેસરિયાં કરવા માટેની અનુમતિ લેવા તમે આવ્યા હશો, ખરૂં ને ?"

"નહી, ગુરૂજી !"

"તો પછી સૌ કઈ બાબતની અનુમતિ માગવા આવ્યા છો ?"

"ગુરૂજી, આપ જાણો છો તેમ આપણા દુર્ગમાં હવે તમામ કોઠારોનાં તળિયાં દેખાય છે. શિયાળાની કાતિલ ઠંડીનું અને મોગલોના મહાસૈન્યનું બન્નેનું આક્રમણ જોર પકડતું જાય છે. હવે યુદ્ધ ચાલુ રાખવાનો અર્થ એટલો જ છે કે મોતને સામે ચાલીને આમંત્રણ આપવું...!

ગુરૂ ગોવિંદસિંહની આંખ સહેજ તિરછી બની. તેમણે પૂછયું : "તો તમે આ યુદ્ધનો બીજો કોઈ વિકલ્પ લાવ્યા હશો, ખરૂં ને ?"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ના, ગુરૂજી! યુદ્ધના વિકલ્પની નહિ, પણ અમે તો ગુપ્ત માર્ગે અહીંથી ભાગી જઈને ઘેર પહોંચવાની અનુમતિ લેવા આવ્યા છીએ !"

ગુરૂ ગોવિંદસિંહ એકાએક ગંભીર થઈ ગયા. જાણે એકાએક ભયાનક વીજળી તૂટી પડી હોય તેમ આવાક્ બની બેઠા. તેમને મૌન જોઈને શીખ સિપાઈઓ જરા ઠાવકા થઈને બોલ્યા :

"ગુરૂજી! હવે આ યુદ્ધ જો આપણે ચાલુ રાખીએ તો એનો અંજામ એક જ છે : આપણો સર્વનાશભર્યો પરાજય !"

ગુરૂ ગોવિંદસિંહ થોડીવારે સ્વસ્થ થતાં બોલ્યા, "ભાઈઓ, તમારે યુદ્ધ ના કરવું હોય તો તમને તમારા ઘેર પહોંચવાની અનુમતિ આપવામાં મને કોઈ વાંધો નથી. પણ મારી એક શરત તમારે સ્વીકારવી પડશે."

"તમારે અહીંથી જતાં પહેલાં મારા શિષ્યો તરીકે ત્યાગપત્રો લખી આપવાં પડશે. આજથી હું તમારો ગુરૂ નહિ ને તમે મારા શિષ્યો નહિ ! આપણાં ગુરૂ-શિષ્યના સંબંધો પૂરા કરીને જ તમે જઈ શકો છો." ગુરૂના શબ્દોમાં ગ્લાનિ હતી.

શીખ શિષ્યોને ત્યાગપત્રની વાત જરા વસમી લાગી, પણ હવે તો જીવ એટલો બધો વહાલો લાગ્યો હતો કે તેમણે એ વસમી વાત પણ સ્વીકારી લીધી અને સૌએ ત્યાગપત્ર લખીને તેમાં સહી કરી આપી. ગુરૂજીએ તેમને સહુને આશીર્વાદ સાથે પોતપોતાના ઘેર પાછા ફરવાની અનુમતિ આપી.

ત્યાગપત્ર આપીને તેમણે પ્રસ્થાન કર્યું. ગુપ્તમાર્ગે ચાલી નીકળેલા ચાલીસ સૈનિકો એક જ વતનના હતા. પોતે યુદ્ધમાં બચી ગયા અને હવે ઘેર જઈને સ્વજનોને મળીને શેષ જીવન મોજથી જીવી શકાશે એવા ખ્યાલથી સૌ હરખાઈ રહ્યાં હતા.

પરંતુ તે સૌ જેવા ગામમાં પહોંચ્યા કે તરત જ તેમની પત્નીઓ તથા પરિચિતો સૌ પનઘટ ઉપર સામે મળ્યાં. પત્નીઓ બોલી ઊઠી :

"તમારી વીરતા અને તમારા વતનપ્રેમથી અમે સૌ પ્રસન્ન છીએ. આજે અમે તમારી આરતી ઉતારીશું અને મીઠા રાસડા લઈશું.!"

માતાઓ બોલી ઊઠી : 'બેટાઓ ! માભોમ માટેની ફરજ તમે પૂરી કરીને જ આવ્યા હશો ખરું ને ! તમે વીર સપૂતોએ શત્રુઓનાં માથાં વધેરીને અમારું ધાવણ સાર્થક કર્યું....!"

ભગિનીઓ બોલી ઊઠી, "વીરા, તમારી વીરતાની યશગાથાઓ ઇતિહાસ ગાશે. અમને ગૌરવ છે કે અમારા જવાંમર્દ ભાઈઓ માતૃભૂમિની રક્ષા કરી શકયા અને શત્રુઓના દાંત ખાટા કરી શકયા....!"

પેલા ચાલીસ સૌનિકો આમાંથી એકેય વાતનો પ્રત્યુત્તર આપી ના શકયા. તેમણે મસ્તક નીચા કર્યા. પનઘટ ઉપરનું નારીવૃંદ સમગ્ર વાતનો સાર પામી ગયું અને સૌના હૈયે દાહ પ્રગટ્યો. માતાઓ બોલી ઊઠી:

"હત્ નમાલાઓ ! અમારું ધાવણ લજવીને તમે પીછેહટ કરી ? માતૃભૂમિની રક્ષા ના કરી શકે એવા કાયરોની જનેતા થવા બદલ અમને આજે પસ્તાવો થાય છે !"

પત્નીઓ બોલી ઊઠી :'રે,બાયલાઓ યુદ્ધમાં શસ્ત્ર નહોતું પકડવું તો અમારી બંગડીઓ પહેરીને ઘરમાં બેસવું હતું ને ! તમારા જેવા કાયર કંથની પત્નીઓ કહેવાતાં આજે અમને લજ્જા ઊપજે છે."

ભગિનીઓ પણ બોલી, "તો મારા વીર બંધુઓ આજે શત્રુઓને પીઠ બતાવીને પાછા વળ્યા છે, ખરું ને ? આજથી તમે અમારા ભાઈ નહીં ને અમે તમારી બહેનો નહિ. અમને પીઠ બતાવનારા નામર્દ ભાઈઓ નહિ, સામી છાતીએ વાર સહેનારા વીર ભાઈઓ જ ખપે છે !"

ચાલીસ સિપાઈઓ તો પોતાનો જીવ બચાવીને સ્વજનોને મળવા ઘેલા થયા હતા, પણ તેમની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીછેહઠને કારણે સ્વજનો તો તેમનાં મોં જોવા પણ તૈયાર નહોતાં, તેમનાં વેધક વાગ્બાણો અને અસહ્ય ફિટકારોને કારણે, ચાલીસ સિપાઈઓ ઘડીભર તો વ્યગ્ર થઈ ઊઠ્યા, પણ અંતે નક્કી કર્યું કે હવે પાછા યુદ્ધમાં જઈને શત્રુઓને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવવું.

અને એ ચાલીસ યોદ્ધાઓ મહાસંકલ્પ સાથે આનંદપુર ગઢ તરફ આગળ વધ્યા. મોગલ સૈન્યને ઘેરીને ભીષણ સંગ્રામ આદર્યો. મોગલ સૈન્યને લાગ્યું કે, બીજી દિશામાંથી શીખોની કોઈ મોટી સેના આવી પહોંચી લાગી છે...! આમ વિચારીને તેઓ ભાગી છૂટ્યા.

આ તરફ ચાલીસ સિપાઈઓમાંથી મોટા ભાગના વીરગતિ પામ્યા હતા. કેટલાક બેહોશ પડ્યા હતા. ગુરૂ ગોવિંદસિંહ તેમની પાસે આવ્યા. પેલા ચાલીસ પૈકીનો એક સિપાઈ હોશમાં હતો.

તેણે કહયું, ''ગુરૂજી ! આજે અમારું મોત અમને અમૃતથીય મીઠું લાગે છે. પણ એક વિનંતી છે. અમે સૌએ લખી આપેલો પેલો કાયરતાના કરાર સમો ત્યાગપત્ર આપ ફાડી નાખો !''

ગુરૂ ગોવિંદસિંહે ત્યાગપત્રનો કાગળ ફાડીને હવામાં તેના ટુકડા ઉડાડ્યા...એ ટુકડા જાણે શીખસૈન્યની વિજયપતાકા બનીને લહેરાઈ રહ્યાં...! ગુરુએ સૌને કહ્યું :

''તમારા સૌ માટે મને પુરું વાત્સલ્ય છે...સત શ્રી અકાલ...! માતૃભૂમિને માટે શહીદ થનાર દરેક વીર અમર બને છે !''

('દષ્ટાંત રત્નાકર'માંથી સાભાર)






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'દાન' આપો... પણ કઈ રીતે ?

- ડૉ.ચંદ્રકાંતભાઈ પાઠક

'દાન' આપો...પણ કઈ રીતે ? ઉદાર દિલથી અને ભાવથી આપેલ જ ખરૂં દાન કહેવાય. ચાણક્યે કહ્યું છે કે :- 'જળાશયમાંથી જળ વહેતું રહે તો જ તેની શુદ્ધતા જળવાય છે, તેમ આપણી આવકમાંથી 'પરોપકાર' માટે ખર્ચવું એ જ તેનું રક્ષણ છે.'

સમાજમાંથી આપ જે મેળવો છો તે સમાજને પાછું આપો તો આપની ઉર્જાશક્તિ વધશે. લોકો દાન શા માટે આપે છે ? એમાં બીજા લોકોને આપી કંઈક કરી છૂટવાની ઉત્કૃષ્ટ ભાવના છે. એ ભાવના જે માણસ વિકસાવે છે, વહેતી કરે છે, તે માણસની હકારાત્મક - પોઝીટીવ ઉર્જા વધે છે.

બીજાઓને આપવાની ભાવના વિકસાવો, બીજાઓને તમારી પાસે જે હોય તેમાંથી પ્રેમપૂર્વક. ખૂલ્લાહૃદયથી આપો. નાનામાં નાનું દાન જમણો હાથ આપે તો ડાબો હાથ પણ ન જાણે તે મારી દૃષ્ટિએ મોટું છે.

લેનાર વ્યક્તિને ક્ષોભ અનુભવવો ન પડે તે જોવાનું કાર્ય દાનકર્તાનું છે. સહાયની જરૂર જાણી માગ્યા વિના જ દાન આપવું તેને શ્રેષ્ઠ ગણું છું. જ્યારે માગ્યા પછી આપવામાં આવતી સહાયને મધ્યમ પ્રકારનું દાન ગણી શકાય. પ્રસન્નતાપૂર્વક - પ્રેમથી દાન આપવું. અપમાનપૂર્વક, તોછડાઈથી દાન આપવાથી ફળ ઓછું મળશે. દાન લેનાર વ્યક્તિનું 'સ્વમાન' જાળવશો.

આ વિશ્વમાં લેવાની અપેક્ષા કરવા કરતાં જો પ્રત્યેક વ્યક્તિ આપવાનું વિચારે તો આ વિશ્વ સ્વર્ગસમાન બની જાય.

આપણા જીવનની ઓછામાં ઓછી જરૂરિયાત રાખી, બીજી વધારાની ચીજવસ્તુઓનું દાન કરી પુણ્ય ઉપાર્જન કરી લો, કાલ કોણે દીઠી છે ?

તમારી આવકમાંથી પાંચથી દસ ટકા ભાગ સામાજિક, ધાર્મિક જ્ઞાનના પ્રચાર માટે ફાળવો. સુપાત્રને દાન કરી કૃતાર્થ થાવ.

ઈસ્લામ ધર્મના લોકોની દર મહિનાની તેમની આવકમાંથી બે ટકા ઓછામાં ઓછી ખેરાત કરવા - દાન કરવાની પદ્ધતિ અપનાવવા જેવી છે.

અમુક વ્યાપારી વર્ગમાં ધંધાની આવકમાંથી અમુક ટકા શુભ ખાતે કાઢવાની પ્રથા છે અને તે વર્ષ દરમ્યાન સારા કામોમાં તેઓ વાપરતા હોય છે.

તમારે જો બીજાઓનો પ્રેમ જોઈતો હોય તો, તેઓને પ્રેમ આપો, કદર-પ્રશંસા-યશ જોઈતો હોય તો પ્રથમ તમો બીજાઓની કદર કરતાં શીખો, તેઓને તિરસ્કારો નહિં. તમે બીજાઓનું ધ્યાન રાખશો તો બીજાઓ પણ તમારૂં ધ્યાન રાખશે.

દરેક વ્યક્તિની ખરેખર કદર કરવી. બોલવાના પૈસા કયાં પડે છે ? સારૂં અસરકારક બોલી સામી વ્યક્તિનું દિલ જીતી લો, અને આ બાજી તમારા હાથમાં છે. આ ગુણો બજારમાં પૈસા ખર્ચી મેળવી શકાતા નથી. આ ગુણો દરેક વ્યક્તિએ કેળવવા પડે છે. (જૈન શિક્ષણ - સાહિત્ય પત્રિકામાંથી સાભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જુલાઈ - ૨૦૦૬ ❑ RNI No. GUJGUJ/2000/4488

एतद्विभूषितो रहोऽप्येतय् धीनान्महेभ्यतः ।
नरेन्द्राच्च सुरेन्द्राच्च मागधेये प्रकृष्यते ॥

卐

રંક પણ જો સદાચરણથી વિભૂષિતા હોય તો તેનું ભાગ્ય ધનાઢ્ય, રાજા અને ઈન્દ્ર કરતાં - સદાચરણ વગરના એ બધા કરતાં - ચડિયાતું છે.

卐

Even a poor man, if endowed with good conduct. is much more fortunate than a man possessing great opulence, and even a king and an Indra. (King of gods) destitute of good conduct.

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૧, ગાથા : ૧૧, પૃષ્ઠ - ૧૧)*

卐

BOOK-PACKET CONTAINING PERIODICAL

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

**તંત્રી :** શ્રી જસવંતરાય સી. ગાંધી

**મુદ્રક અને પ્રકાશક :** શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી જસવંતરાય સી. ગાંધીએ ઘનશ્યામ ઓફસેટ, નિલકંઠ મહાદેવ મંદીર સામે, ભગાતળાવ, ભાવનગર-૩૬૪ ૦૦૧ માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.

For Private And Personal Use Only